"આતશની સેતાયશ"

ઊપર

એરવદ જીવનજી જમશેદજી મોદીએ

ફરામજી કાવસજી ઈનસ્ટીટયુટમાં

રોજ ૧૭મો શરોસ, માહ ૬ઠો શેહરેવર શન ૧૨૫૩

યઝદઝરદીન દીન કરેલું

ભાષાણ.

ધી ઓર્ગ જામે જમશેદ પ્રીંટીંગ પ્રેસ કંપની, લીમીટેડ.

૧૮૮૪.

૨૧૨૫

"આતશની સેતાયશ."

સરનશીન સાહેબ તથા મીજલશના બીજા સાહેબો.

આજે જે બાબદ વિષે હું તમારી સનમુખ ભાષાન કરનાર છું તે બાબદ પેહેલ વેહેલાં મુલ્લાં ફીરોઝ મદ્રેસા માટે મે હાથ ધરી હતી. એ મદ્રેસાનાં "મોબેદ પ્રાઇઝ" નામનાં ઇનામના રેસાલા માટે મે "આતશ" ની બાબદ લખી હતી. એ રેસાલો આપણા શેહેરના ઉગમન પ્રાંતની ભાષાઓમાં જાણીતા પુરવીન ગ્રહસ્થ શેઠ ખરશેદજી રૂશતમજી કામાજીએ તપાસી ઇનામને લાયક ઠેરવ્યો છે. આતશની આખી બાબદના મે ચાર ભાગ કર્યા છે.

પેહેલા ભાગમાં "આતશ" ને માટે તેને મળતાં બીજી જુબાંનોમાં નામો, એ નામનો અર્થ અને ધાતુ, અને અવસ્તામાં એ શબ્દ કીએ કીએ અર્થે વપરાવ્યો છે તે બાબદ સમાવી છે.

બીજા ભાગમાં આતશના અવસ્તા પ્રમાણે જુદા જુદા વર્ગો અને તેઓનું પેહેલવી કેતાબોમાં મળતું વર્ણન સમાવ્યુ છે.

ત્રીજા ભાગમાં આતશની સેતાયશ, તેની તવારીખ અને તેનુ પુરાતનપણું એ બાબદ હાથ ધરી છે.

ચોઠા ભાગમાં આતશની સેતાયશ કરવામાં આપણ કેટલા વાજબી છીએ અને આપણને જો મુરતી પુજક અથવા આતશ પરસ્તનું ખોટું આળ લગાડવામાં આવેતો તે કેટલું ખોટું છે તે દરસાવ્યું છે.

આજે તમો સાહેબો આગળ છેલ્લા બે ભાગો વિષે બોલવા માંગુ છું.

હુ તમોને આજ રોજે જે કહેવા માંગુ છું તે એ છે કે આપણામાં આતશની સેતાયશ ઘણા પુરાના જમાનાથી દાખલ થઇ છે. આજે આપણ એ સેતાયશ મનુષ જાતમાં કેયારથી દાખેલ થઇ તેની એક ટુક તવારીખ તપાસી જઇશું. એ સેતાયશનાં પુરાતનપણાની દલીલો તપાસીશું, અને જોઇશું કે આતશની સેતાયશ સઘળી અસલી પ્રજાઓમાં એક યા બીજે રૂપે જાએજ હોવી જોઇએ. વળી આપણે જોઇશું કે આતશ. તેની સેતાયશમાં જરથોસ્તી ધર્મે ઉમેરેલાં નવાં તતવ પછી, આપણા માનને વધારે યોગ્ય થઇ પડે છે.

પેહેલાં આપણ તવારીખની બાબદ તપાસીએ.

આતશની સેતાયશની તવારીખ.

વીદવાન મેકસમુલર પોતાના "ધર્મનું મૂળ અને વૃધ્ધી" એવે નામનાં પુસ્તકમાં, મનુષ જાતમાં ધર્મ અને ખોદા વિષેના વિચારો કેમ શરૂ થયા તે સમજાવે છે. તે કહે છે કે ધર્મ વિષેના વીચારનુ મૂળ (The root of religious thoughts) અનંત વિષેના વીચાર (Idea of the Infinite) છે. અનંત એટલે આપણી ઇંદ્રિઓ (senses) અને તર્ક શકતી (reason) થી બાહાર; વધારે ખોલ્લા શબ્દોમાં બોલીએતો જે ચીજ આપણી ઇંદ્રિઓ (નાખ, કાન, આંખ, જીભ, અને ચામડી) ને જણાય નહી અને જે ચીજ આપણી તર્કશકતીથી પામી શકાય નહીં તે અનંત છે. જે ચીજ આપણી ઇંદ્રિઓથી અથવા આપણી તર્કશકતીથી પરખાય તે અંતવાલી (finite) ગણાય. જેમકે પથ્થર, દુધ, ફુલ, ગાડી, નદી, ડુંગર, સુર્ય, આતશ વીગેરે ચીજો, જે આપણને નજર, સ્વાદ, વાસ લાગણી અને અવાજથી એટલે આપણી ઇંદ્રિઓ મારફતે જણાય છે તે અંતવાલી (finite) ચીજો છે. જે એવી રીતે ન જણાય તે અનંત (Infinite) છે, જેને સાધારણ રીતે "કુદરતી" કરીને બોલવામાં આવે છે.

હવે મેકસમુલર અંતવાલી ચીજોના ત્રણ વર્ગો કરે છે. એના ભાષાંતર કર્તા મી૦ મલબારી એ ત્રણ વર્ગોને નીચલાં નામ આપે છે. (૧) સ્પર્શ્ય (Tangible) એટલે પુરતો હાથ લગાડી શકાય તેવી, (૨) અર્ધ સ્પર્શ્ય (Semitangible) એટલે અરધાને હાથ લગાડી શકાય તેવી અને (૩) અસ્પર્શ્ય (Intangible) એટલે મુદલ હાથ ન લગાડી શકાય તેવી.

પેહલું. સ્પર્શ્ય Tangible ચીજો એટલે કે જેને સઘળી તરફથી હાથ લગાડી શકાય, દાખલા તરીકે પથ્થર, હાડકું, ફુલ, ફળ વીગેરે. એ ચીજોને આપણે હાથમાં લેઇ તપાશી શકીએ, તેઓને જોઇ શકીએ અને તેઓ વિષેનો ખેઆલ આપણા મનમાં પુરતો લાવી શકીએ.

બીજુ. અર્ધસ્પર્શ્ય (semitangible) એ વર્ગમાં તે ચીજો આવેછે કે જેને આપણી ઇંદ્રીઓ વડે પારખી શકીએ છીએ; તેઓને જોઇ, સાંભળી, સુંઘી, શકીએ છીએ વીગેરે; પણ પેહેલા વર્ગની માફક આપણે તેઓને પુરતી રીતે હાથમાં ધરી શકતા નથી. દાખલા તરીકે એક બુલંદ ઝાડ જેને આપણે જોઇ શકીએ છીએ, તપાસી શકીએ છીએ વીગેરે, પણ તેની

ઘણી ઉંચાઇને લીધે તેને આપણ સંપુર્ણ રીતે આપણા હાથમાં લાવી શકતા નથી. પહાડ, નદી અને આપણી પૃથ્વી એ વર્ગમાં આવી શકેછે, જે ઓના એક ચોકશ ભાગનેજ આપણે જોઇ શકીએ છીએ, અને હાથ લગાડી શકીએ છીએ પણ બાકીનો ભાગ આપણી લાગણીથી તદન દુર છે.

ત્રીજું. અસ્પર્શ (Intangible) એ વર્ગમાંની ચીજોને આપણે ઉપલા બે વર્ગોની માફક જોઇએ છીએ અથવા સાંભલીએ છીએ પણ તેઓને આપણે મુદ્દલ હાથ લગાડી શકતા નથી. પેહેલા વર્ગની ચીજોને આપણે સંપુર્ણ રીતે હાથ લગાડી શકીએ છીએ; બીજા વર્ગની ચીજોના ફકત થોડા ભાગને; પણ આએ ત્રીજા વર્ગની ચીજોને આપણ મુદ્દલ હાથ લગાડી શકતા નથી. એ વર્ગમાં આકાશ, સેતારાઓ, સુર્ય, ચંદ્ર, આપણી બાબદવાલો **આતશ** વીગેરે આવેછે.

હવે મેક્સમુલર કહેછે કે એ ત્રણ વર્ગોમાના દરેક વર્ગની અંતવાલી ચીજ માણસનો વીચાર (Infinite) અનંત ઉપર લેઇ જાયછે. અંતવાલી ચીજો વિષેનું આપણી પાંચ ઇંદ્રિઓથી મલતું જ્ઞાન આપણને એક અનંત, અનદીથ, અથવા કુદરતી વીચાર ઉપર લેઇ જાયછે.

હવે એ અનંત વિષેનો ખેઆલ વધતો ઓછો આવવાનો આધાર એ ત્રણ વર્ગમાના કીયા વર્ગની ચીજ ઉપરથી એ ખેઆલ બાંધવામાં આવેછે; તે ઉપર રહેછે. પેહેલા સ્પર્શ વર્ગની ચીજ કરતાં બીજા અર્ધ સ્પર્શ વર્ગની ચીજથી એ ખેઆલ વધારે આવે. સ્પર્શ ચીજ તો પુરતી રીતે જોવાઇ શકાય, તપાસી શકાય, માપી શકાય, સાંભલી શકાય, અને ચાખી શકાય તેથી તેની ઉપરથી કાંઇ અનંતનો, કાંઇ અનદીથનો, ખેઆલ પુરતો મનમાં ન આવે.

બીજા વર્ગની અર્ધ સ્પર્શ ચીજને તો થોડીકજ તપાસી શકાય, થોડાક ભાગનેજ હાથ લગાડી શકાય બાકીને નહી. તેથી તે ઉપરથી અનદીથ, અદભુત, અનંતનો ખેઆલ વધારે આવે.

વલી બીજા વર્ગની અર્ધસ્પર્શ ચીજ કરતાં ત્રીજા વર્ગની અસ્પર્શ ચીજ ઉપરથી તો તે અદભુત, અનંત, અનદીથ, કુદરતીનો ખેઆલ વધારે જલદી આવે, કારણકે એ અસ્પર્શ ચીજને તો આપણે મુદ્દલ હાથ લગાડીને તપાસી શકતા નથી. તેના દેખાવ પછવાડે કાંઇ ઘણું અનદીથ, ઘણુ છુપું, ઘણું અદભુત, ઘણું બેમાલુંમ, ઘણું અનંતછે, જે આપણે પીછાની શકતા નથી. એ પ્રમાણે જેમ એક ચીજ આપણી લાગણી શ-

કતિઓથી વધારે દુર તેમ તેમ તે ઉપરથી આપણે અનંતનો, અનદીઠનો, ખોલ્લું બોલીએતો ઇશ્વરી શકિતનો વધારે ખેઆલ બાંધીએ. દાખલા તરીકે આપણા અસલી વડવાઓ જયારે સુર્ય ઉપર નજર કરતા હતા ત્યારે પોતાની ઇંદ્રિઓમાંની કેટલીકથી તેઓ તેને તપાસતા હતા. તેઓ તેને આંખે જોતા હતા, તેના ઉગવા પછી તેની ગરમી તેઓને ચાંમડીપર લાગતી હતી; પણ તેઓ એને વિષે એટલુંજ જાણી શકતા. તેઓની જોવાની અને લાગવાની ઇંદ્રિઓમાંજ સુર્ય વિષેનું તેઓનું જ્ઞાન સમાઇ રહયું. ઇંદ્રિઓથી તેઓ બીજું તેને વીષે કાંઇ જાંણી શકયા નહી. ત્યારે તેઓ વીચાર કરવા લાગા કે એ શું હશે? શાનો બનેલો હશે? એ કયાં હશે? એ કેવો હશે? એવા વીચારો તેઓને અનદીઠ બાબદ ઉપર લેઇ જવા લાગા. તેઓ વીચાર કરવા લાગા કે એમાં કાંઇ ભેદછે, કાંઇ અનદીઠછે, કાંઇ ઇદ્રિ-શકિતની હદની બાહેર છે. એવા વીચારો તેઓને એક એવી શકિત વિષેના વીચારપર લેઇ ગયાકે જેને આપણ ઇશ્વરી શકિત કહીએ છીએ. મેકસ મુલર પ્રમાણે એવી ચીજો ઉપરથી છેક અસલના જમાનાનાં સાદાં માણસોના વીચાર ધર્મ ઉપર અને ખોદા ઉપર જવા લાગા. તે છુપું, તે અનદીઠ, તે નજર બાહેર, તે બેમાલુમ શકિત, જે ઇદ્રિઓથી પુરતી પામી નહી શકાઇ, તે શકિત, ઇશ્વર શકિત ગણાવા લાગી.

એ પ્રમાણે ત્યારે એ ત્રણ વર્ગોમાંથી છેલા બે વર્ગો અને તેમાં વળી મુખ્ય કરી છેલો વર્ગ માણસનું ધ્યાન ઇશ્વર ઉપર પેહેલાં લેઇ ગયો. પેહેલા વર્ગની ચીજો—જેવી કે પથ્થર મટોડી—તો તે સાદો અસલી માણસ સંપુર્ણ રીતે તપાસી શકયો; તે તેને જોઇ, સુંઘી, ચાખી, સાંભલી, હાથ લગાડી શકયો; તે ચીજ જોવામાં અને તપાસવામાં તેને કાંઇ ઘણું છુપું, કાંઇ ઘણું અદભુત, કાંઇ ઘણું અનદીઠ રહયું નહી. જે હતું તે તે પામી શકયો; તેથી એ વર્ગની ચીજો તેનું મન ઇશ્વવરી શકિત ઉપર, ખુદ ઇશ્વર ઉપર લેઇ ગેઇ નહી, જોકે એવી ચીજો પણ અનંત ઉપર થોડો ઘણો વીચાર લેઇ જાયછે; જેમકે વધારે પછીના જમાનામાં માણસો જ્યારે પથ્થર, ઝાડ વીગેરે સ્પર્સ્ય ચીજોને પુંજવા લાગા ત્યારે.

એજ છેલા વર્ગમાં આંપણાં ભાપાનની બાબદવાલો પદાર્થ "આતશ" પણ આવેછે. હવે સુર્ય, ચંદ્ર, વીગેરે નુરો, એ વર્ગમાં આવે તે અજાયબ જેવું નથી. પણ "આતશ" જે આપણી જમીન ઉપરછે, જેને આપણ હાથ લગાડી શકીએ છીએ, સઘલી બાજુથી જોઇ શકયે છીએ, તે એ વર્ગમાં કેમ આવી શકે તે પેહેલી નજરે અજાયબ જેવું લાગેછે.

પણ મેકસમુલરના કેહેવા પ્રમાણે હાલમાં આપણે આતશ વિશે જે જાણીએ છીએ તે જ્ઞાનની રોશનીથી આતશને નહી લેવો, પણ આપણા ઘણા અસલી વડવાઓ તેને વિષે શું ધારતા હતા તે રોશનીમાં લેવો. હાલમાં આપણે આંતશ કેમ ઉત્પન્ન કરવો તે વીગેરે જાંણીએ છીએ તેવી રીતે તેઓ જાંણતા ન હતા.

હાલમાં તો આપણ જાંણીએ છીએ કે આતશનાં–તેનાં નજરે પડતાં યા અનદીથ (ગરમીનાં) રૂપમાં—ત્રણ મુળોછે. (૧) યંત્ર પ્રકરણી બળના મુળો (Mechanical sources) (૨) રસાયણી મુળ (Chemical sources) અને ૩ કુદરતી મુળો (Physical sources)

હવે ઘણાજ અસલી જમાનાનાં માણસો એ ત્રણ મુળોમાંનાં પેહેલાં બે વિષે કાંઇ જાણતા ન હતા. યંત્ર પ્રકરણી બલ જેથી આપણાં કારખાંનાઓ અને આંપણાં હજારો ઉદયોગો ચાલેછે, તેથી તેઓ અજાણ્યા હતા. વળી રસાયણી મુળ વિષે પણ તેઓ અજ્ઞાન હતા. તેઓ આતશનાં અનદીથ રૂપ અથવા નજરે પડતાં રૂપ વિષે જે કાંઇ જાણતાં હતાં, તે ફક્ત છેલ્લાં મુળ મારફતે, એટલે કુદરતી મુળો મારફતે. એ વર્ગમાં સુર્ય, જમીનનાં માહેલાં ભીતરમાં સમાયલી ગરમી અને વીજલી આવેછે.

મેકસમુલરના એ વીચારને ફીરદોશીથી ટેકો મલેછે. જો ફીરદોશીનું કેહેવું ખરૂં હોયતો આતશની ઉત્પન્તીનું જ્ઞાન માણસ જાતને છેક હોશંગના વખતમાં મળ્યું હતું. ઘણાં અસલી જમાનામાંતો માણસો પોતાનો ખોરાક પણ કાચો પકાવ્યા વગર ખાતા હોવા જોઇએ. ફીરદોશીના કહેવા પ્રમાણે ઘસારાથી આતશ કેમ ઉપ્તન્ન કરવો તેની સોધતો છેક શાહ હોશંગના વખતમાં થઇ હતી. શાહ હોશંગે એક વખત ફરતાં ફરતાં એક સાંપ જોયો જેની ઉપર તેણે એક મોટો પથ્થર માર્યો. તે પથ્થર જઇને એક બીજા પથ્થરને અથડયો. એઓના અથડાવાથી આતશ ઉત્પન્ન થયો. હોશંગ આ એ રોશન નુર જોઇ ખુશ ખુશ થઇ ગયો અને તેણે તે આતશ રોશન કરી એક જગાએ મુકરર કર્યો; અને તેની ખુશાલીમાં એક મોટું જશન કર્યું કે જે "જશને સદેહ" ના નામથી મશહુરછે.

ત્યારે છેક અસલી જમાનાનાં માણસો આતશ વિષે શું ધારતા હતા તે વિષે આપણ વીચાર કરીશું તો "આતશ" એ ત્રીજા વર્ગ અસ્પર્શ્ય (Intangible) પદાર્થોના વર્ગમાં કેમ આવી શકે તે સહમજ પડશે. એ આપણા અસલી વદવાઓનો વીચાર શું હતો તે આપણે મેકસ-

મુલરના શબ્દોમાંજ જોઇએ. " એમ બન્યું હોયકે માણસની આગ્એ પૃથ્વી ઉપર પેદાયશ થયા પછી, અને તેણે પોતાની ભાષા ઘડવા પછી પણ ઘણો વખત સુધી, આતશ કેમ ઉત્પન્ન કરવો તે તેને ખબર ન હોય. પણ એ કેમ ઉત્પન્ન કરવો તેની સોધ થઇ હોય તેની આગમચ તેનામાં આતશ વિષેનો ખેઆલ અને વીચારતો ઘડી ઘડી ઘડી ઉત્પન્ન થયલો હોવો જોઇએ; કારણકે જ્યારે વીજલી પડતી ત્યારે તે આતશના ચમકારા જોતો હોવો જોઇએ; તે દરરોજ સુર્યની ગરમી અને રોશની જોતો હોવો જોઇએ; કેટલીક વાર તેણે જંગલોને જંગલો સલગી ઉઠેલાં જોવાં જોઇએ, કે જે જંગલો (જેમ હાલમાં પણ આફ્રીકા અને અમેરીકાના ભીનાશ વગરની હવા વાલાં જંગલો (prairies) માં બનેછે તેમ) ઉનાળામાં એ ઝાડોના ઘસારાથી ઉત્પન્ન થતી ગરમીથી અથવાતો વીજલીના ચમકારાથી સળગી ઉઠતાં હોય. એ ચમકારાઓમાં અને આગોમાં તે જોતો હતો કે એકાએક આતશ દેખાઇ આવતો હતો અને પાછો ગેબ થઇ જતો હતો; તેમાં વીજલીના ચમકારામાં તો એ ચમકારાઓ એકદમ તેનાં મનને ગુંચવાવતા હતા, કે એ આતશ એકદમ આવ્યો કયાંથી? અને ગેબ થઇ ગયો કયાં? આકાશમાંથીતો નહીં આવ્યો હોય? દરીઆમાંતો ગેબ નહીં થઇ ગયો હોય? વખતે તે સુરજમાં તોનહી રેહતો હોય? અને ત્યાંથીતો નહી આવ્યો હોય? એ સઘલા સવાલો જે તેઓએ પોતાને કર્યા હોય તે હાલમાંતો આપણને બચ્ચાંના સવાલો જેવા લાગેછે, પણ જયારે માણસ પોતાની ઘણી અસલી હાલતમાં હતો, જે વખતે આતશ કેમ ઉત્પન્ન કરવો તે તે સમજતો નહી હતો, ત્યારે તો કુદરતી હોવા જોઇએ. વળી ઘસારાથી આતશ કેમ ઉત્પન્ન કરવો તે જાણ્યા પછી પણ માણસ તેનું કારણ શું, અને તે કેમ ઉત્પન્ન થયો તે સહમજતો ન હોય.

એ પ્રમાણે ત્યારે અસલી માણસોના વીચાર તરફ જોતાં આતશ જો કે જમીન ઉપરછે, અને સઘલી રીતે જોવાઇ શકાય તેવોછે, તોપણ તેને આપણે સુર્યની માફક ત્રીજા અસ્પર્શ્ય પદાર્થોના વર્ગમાં મેલી શકીએ; કારણકે જોકે હાલનો આપણો આતશ તો સઘલી રીતે જોવાઇ શકાય અને હાથ લગાડી શકાય તેવોછે, તોપણ અસલનાં માણસો તો તેને ફકત આસમાનપર પરતા વીજલીના ચમકારામાં, અને જંગલોમાં પોતાની મેળે સળગી ઉથતી આગોમાં જોતા હતા.

એ પ્રમાણે ત્યારે માણસ જાતની આતશ સાથે પીછાન ઘણા અસલી જમાનામાં, પેહેલ વેહેલાં વીજલીના ચમકારા, સુર્યની ગરમી. અને

તે ગરમીથી ભીનાશ વગરની હવાવાલા મુલકોમાં સળગી ઉથતી મોટી આગો મારફતે થઇ અને તે પીછાન, તે ઓલખાણ, માણસોનું ધેઆન તે સર્વે શકિતવાન સાહેબ તરફ લેઇ ગેઈ. બીજા શબ્દોમાં, ઉપર વર્ણન કરેલા ત્રણ વર્ગમાના ત્રીજા અસ્પર્સ્યે વર્ગોમાના, અસ્પર્સ્યે આતશ સાથની ઓલખાણ મારફતે અસલી જમાનાનાં માણસો ખુદ ખોદાને પીછાનવા લાગા.

એ ઉપરથી ત્યારે માલમ પડેછે કે તે સર્વે શકિતવાંન સાહેબને પીછાનવા માટે, તેનો ખેઆલ મનમાં લાવવા માટે, તેની અદભુત શકિતનો વીચાર મનમાં ઉતારવા માટે, "આતશ" ઘણાં અસલી જમાનાથી એક સાંધન તરીકે ગણાતો હતો; અસલી જમાનાઓ (pre-historic times) કે જેને માટે તવારીખના સફાઓ–પછી હીરોદોતસ, થ્યુસીદીદીસ, જેવા તવારીખ નવેશોએ લખેલી તવારીખ કહો કે, વેદ, અવસ્તા, ઓલ્દ તેસ્ટેમેન્ત જેવાં પુરાનાં ધર્મ પુસ્ટકોમાંથી મલતી તવારીખ કહો—બંદછે; અસલી જમાનાઓ કે જયારે સઘલા આર્ય ભાઇબંદુઓ–શું વેદવાલાઓ કે શું અવસ્તાવાલાઓ, શું યુનાનીઓ કે શું રૂમીઓ–એકજ મુલકમાં, એકજ આર્ય ભુમીમાં વસ્તા હતા, એટલુંજ નહી પણ જયારે સેમેટીક વંસના વડીલો પણ સાથે વસ્તા હોવા જોઇએ.

એ તપાસ ઉપરથી આપણને માલમ પડેછે કે ઇશ્વરની શકિત વિષેના ખેઆલ માણસ જાતને આપવા માટે સુર્યે ચંદ્રની માફક, આતશ એક ઉપ્યોગી સાંધન થઇ પડયું હતું. ઘણા અસલી વખતથી આતશ કુદરતમાં બનતા પોતાના અદભુત અને વીચીત્ર બનાવોથી માણસ જાતનું ધેઆંન તેના બનાવનાર ઉપર લેઇ જનાર એક સાંધન હતું જેમ તે આજ સુધીછે.

એ શરૂઆતના જમાના પછી માણસ આસ્તે આસ્તે એ ત્રીજા અસ્પર્સ્યે પદાર્થો મેલી દેઇ બીજા અર્ધસ્પર્સ્યે પદાર્થો ઉપર આવી તે ઉપરથી ઇશ્વરી શકિત વિષેનો, ખુદ ખોદા વિશેનો વીચાર બાંધવા લાગો, જેના દાખલાઓ ઝાડપાન પર્વતો નદીઓની પુંજામા જોવામાં આવેછે. એ વર્ગ ઉપરથી હેથે ઉતરી છેક ઉતરતા સ્પર્સ્યે પદાર્થો ઉપર પોતાનુ ધ્યાંન લગારી, માણસ તેઓની મારફતે ઇશ્વર ઉપર ધ્યાંન લેઇ જવા લાગો જેના દાખલા જાનવર–પુંજા, મુરતી–પુંજા, પથ્થર–પુંજા વીગેરેમાં મલેછે.

ઉપલી તપાસ ઉપરથી ત્યારે આપણુને માલમ પડેછે કે અસલના જમાનામાં માણુસ જાતનું ધ્યાંન ઇશ્વર વિષે ખેઆલ બાંધવાને વાસ્તે જે ખેંચાયું હતું તે, સુર્ય, ચંદ્ર, જેવા ખાલેશ અસ્પર્સ્ય પદાર્થો ઉપરથી ખેંચાયું હતું અને એ પદાર્થોમાં આપણું આતશી નુરપણ એક હતું. પણ હવે ઇશ્વર વિષે અસલી એરીએનોનું ધ્યાંન એ પ્રમાણે એ નુરો મારફતે ખેંચાયા પછી આસ્તે આસ્તે તે એરીઅનો તે નુરો ઉપરથી ઘણાક ઇશ્વરોના ખેઆલ બાંધવા લાગા.

અંહી યાદ રાખવું જોઇએ કે અસલી એરીઅનો તે આપણા અવસ્તા વાલાઓના તુરતના વડવાઓ (immediate ancestors) જ નહી સમજવા પણ જેમ અવસતાવાલાઓના તેમજ વેદવાલાઓના, યુનાનીઓના તેમજ રૂમી વીગેરે પશ્ચિમ તરફ છુટા પડેલા સઘળા તોલાઓના પણ વડવાઓ સહમજવા.

પેહેલ વેહેલાં એ અસ્પર્સ્ય પદાર્થો ઉપરથી એક અનદીથ, અદભુત, બેમાલુમ શક્તિ વિષે–બીજા શબ્દોમાં ખોદા વિષે–વીચાર બાંધ્યા પછી તેઓ આસ્તે આસ્તે જુદાં જુદાં નુરોને, જુદાં જુદાં સાંધનોનેજ જાંણે ખોદા ગણીને ઘણા ઇશ્વવરો સહમજવા લાગા. અંહી આપણુને યાદ રાખવું કે એ વીચારો કાંઇ એક બે દાહેકામાં નહી, કે એક બે સદીમાં નહી, પણ સેંકડો બલકે હજારો વર્ષ પછી ફરતા જવા જોઇએ.

એ પ્રમાણે ત્યારે દીસેછે કે અસલી એરીઅનો પેહેલ વેહેલાં અસ્પર્સ્ય પદાર્થો ઉપરથી ઇશ્વરી શક્તિનો ખેઆલ બાંધતા બાંધતા આસતેઆસતે ઘણાક ઇશ્વરોનો ખીઆલ બાંધતા ગયા. એના દાખલાઓ મેકસમુલર વેદમાંથી ટાંકેછે. જેમ અસલી એરીઅન વંસમાંથી વેદવાલાઓ છુટા પડી પુર્વ તરફ રહયા તેમ યુનાની, રૂમી વીગેરે તોલાના વડવાઓ પશ્ચિમ તરફ ગયા એઓ પણ એક ઇશ્વરના વીચાર (Monotheism) ઉપરથી અનેક ઇશ્વરના વીચાર (Polytheism) ઉપર જવા લાગા. પણ એ વેદવાળાઓ અને પશ્ચિમ તરફ છુટા પડેલા આપણા આર્ય ભાઇબંદો અનેક–દેવ–મત (Polytheism) પરી ગયા તે વિષે વીચાર કરવાનું કાંમ હાલ આપણુનું નથી માટે તે આપણે છોડી દેઇ આપણા અવસ્તાવાલાઓ ઉપર આવ્યે.

અનેક–દેવ–મત દાખલ થવાના એવા બારીક અયામે, એવા અંતના સંજોગે, એવી અડી વેળાએ, એવે એનને વખતે પેલા માહ પ્રતાપી નરનું, પેલા અદભુત શક્તિના પુરૂશનું, પેલા ખોદાઇ ફીલસુફી ભર્યા

મરહતું, પેલા દાહપણ ભર્યા શખસનું, જનમવું થયું કે જેને વિશે "મીસ કોબ" નામની એક કાબેલ બાનુ કહેછે કે. "જો જરથોસ્ત જનમયો ન હતે તો માણસ જાતનો એતેકાદ હાલ કેવો થયો હતે તે વીચારવું ઘણું મુશકેલ લાગેછે."

જરથોસ્તે જોયુંકે એક ઇશ્વરમત ઉપરથી અનેક–દેવમતના સંગાર તેની આસપાસ ફુટતા હતા; તેણે દીઠું કે એક ઇશ્વવરની ભકિત ઉપરથી અનેક ઇશ્વરની ભક્તિ ઉપર માણસોનું મત ફેરવાતું હતું; તેને માલમ પડયું કે અસ્પર્શ્ય પદાર્થો ઉપરથી અર્ધસ્પર્શ્ય પદાર્થો ઉપર: અને વળી કેટલાક તો અર્ધસ્પર્શ્ય ઉપરથી સ્પર્શ્યપદાર્થો ઉપર ઉતરી તે પદાર્થો ઉપરથી ઇશ્વર વિષે ખેઆલ બાંધવા લાગા હતા, એટલુંજ નહીં પણ તે ઉપરથી અનેક ઇશ્વરો માનવા લાગા હતા. ત્યારે તેણે પોતાના મજબુત હાથે તે વીચારો દુર કરવાની કોશેશ કરી, પોતાના મજબુત પગે તેવાં એકીનો કચરી નાખવાનો યત્ન કર્યો, અને મજબુત અવાજે તે દેવ–યસ્ન મતને દાબી નાખવાની તજવીજકરી. એ કોશેશમાં, એ યત્નમાં, એ તજવીજમાં, તે કેટલો ફતેહ પામ્યો તે "મીસ કોબ"ના ઉપલા શબ્દો આપણને દેખાડેછે.

એવા આપણા વીચારો કેટલાકોને પસંદ ન આવે. તેઓ કહેશે કે આપણે એમ કહીએ તો તે ખોટુ ગણાય, કારણકે ત્યારેતો આપણા અસલી વડવાઓ અનેક ઇશ્વરને માનનારા ગણાય? અરે! પણ એમાં ખોટું શું ગણાય? એમ કેહેવામાં શરમ શાની? એમ વીચારવામાં લાજ શાંની? જો તેઓ કહેછે તેમ જરથોસ્તની તુરત આગમચના સઘલા એરીઅનો પણ એકજ ખોદાને માનનારા, સઘલાજ સુમાર્ગે ચાલનારા હતા, તો આએ દુનીઆમાં પેલા મહા પ્રતાપી જરથોસ્તનું કામજ શું હતું? જ્યારે સઘલું સારૂંજ હતું ત્યારે સારો માર્ગ દેખાડનારની અગતજ શી હતી? જ્યારે સઘળો માર્ગજ સીધો હતો ત્યારે જરથોસ્ત જેવા રાહનુમાએનું કાંમજ શું હતું? એવા વીચાર બાંધી તેઓ ખુદ જરથોસ્તની એક પેગમબર તરીકેની કીરતી અને એક રાહનુમાંએ તરીકેની સ્તુતી કમી કરેછે હવે જરથોસ્તે પોતાના નવા ધર્મમાં અનેક–ઇશ્વર–મત તોડયું પણ તેણે આતશનું નુર, જે ઉપરથી, આપણે ઉપર તપાસીઉ તેમ, અસલી માણસ જાતનું ઇશ્વરી ખેયાલ ઉપર પેહેલું ધ્યાંન ખેંચાતું હતું, તે નુરને તેની લાયક જગા આપી. તેની આગમચ માણુસ જાતના બીગડેલા વીચારે આતશને અને તેની સાઠનાં નુરોને, ઇશ્વરી ધર્મમાં તેઓની લાયક જગાએથી

ખસેડી જે અનઘટીત જગા આપી હતી, તે જગાએથી જરથોસ્તે તેઓને પાછી ઘટતી જગા આપી; અને ઇશ્વર ઉપર ધ્યાંન અને જ્ઞાન લેઇ જવા માટે આતશને એક લાયક નુર તરીકે કબુલ રાખ્યું. ગાથામાં જલવાઇ રહેલાં જરથોસ્તનાં બુલંદ અને નામાંકીત ભાખાણ પ્રમાણે તેણે દેવ-યસ્નને ધીકકારી કાહડીને અને અનેક-દેવ-મતને તુચ્છકારી કાહડીને એક ઇશ્વરી માનતા સ્થાપી અને આતશને પોતાની નવી દીનમાં લાયક જગા આપી. આતશને બીજાં નુરોની સાહે દેવતા રૂપ આપી જે અનેક-દેવ-મત જાએજ કરવામાં આવયું હતું તે રદ કરી એકજ ઇશ્વરને માન આપવાની નવી ખાલેશ દીન સરૂ કરી. તે દીનમાં આતશને તેની તે લાયક જગા આપી કે જે જગા તેને એ અનેક-દેવ-મતનાં એતેકાદની આગમચ મલેલી હતી, એટલે કે જરથોસ્તે "આતશ"ને ઇશ્વરની નુરી શક્તિનું માંન આપનાર નુર તરીકે ગણ્યો.

એ તપાસ ઉપરથી ત્યારે આપણને વીચારવાને બનેછે કે ઘણા અસલી જમાનાંથી આતશની સેતાયશ માણસો કરતાં હતાં. અને એની મારફતે તે કીરતારને યાદ કરતાં હતાં. એ આતશ મારફતના એક-દેવ-મત ઉપરથી તેઓ, જેમ વેદના અગ્નિનાં બાબમાં દીસેછે તેમ, અનેક-દેવ-મતપર ઘસડાયાં હતાં. જરથોસ્તે એ અનેક-દેવ-મત તોડયું અને આતશને પોતાની નવી દીનમાં લાયક જગા આપી તેની અસલી સેતાયશ જાલવી રાખી.

જરથોસ્તના વખત પછીથી આજ સુધી એ સેતાયશ આપણામાં એમની એમ ચાલુ રહીછે.

આતશની સેતાયશના પુરાતનપણાની સાબેતીઓ.

હવે આપણે આપણું મુખ્ય સીધ્ધાંત—કે માણસ ઘણા અસલી જમાનાંથી આતશના નુરી કેબલાને ઇશ્વરી શક્તિનો ખેઆલ મનમાં લાવવા માટે સાંધન ગણતો હતો તે, જુદી જુદી પ્રજાઓના ધર્મ અને ભાખા ઉપરથી તપાસીએ.

મુંબઇનો હાલનો કેહલીક લાર્ડ બીશપ ફાધર મ્યુરીન એક કેથલીક બેહેદીન શાહે. એ બાબદ ઉપર ચાલેલા પોતાનાં કાગજ વેહવારનાં ચોપાનીઆંમાં એ બાબદ ઘણી કાબેલીઅતથી હાથ ધરેછે, અને દેખાડેછે કે આતશ જેવા નુરી કેબલાની સેતાયશ અને સ્તુતી અને તે

ની મારફતે તે કીરતારની યાદ ઘણા અસલી જમાનાથી ચાલતી આવીછે, અસલી જમાનો, કે જ્યારે અવસ્તાવાલાઓ તેમજ વેદવાલાઓ, યુનાનીઓ તેમજ રોમનો, જર્મનો તેમજ પ્રશીઅનો, અને એરીઅન પ્રજાની બીજી શાખાવાલાઓ અસલી આર્ય ભુમીમાં સાડે વસ્તા હતા. આપણે એ બ બેની તપાસ એ વીદ્વાંનની પાંખડી ઝાલી ચાલુ કર્યે.

પેહેલી સાબેતી-જુદી જુદી પ્રજાઓમાં ખોદાનાં નાંમો.

હવે ઘણા અસલી જમાનાથી માણસ જાત પોતાના બનાવનારના યાદ આતશ, સુર્ય, જેવા નુરી કેબલા મારફતે કરતા હતા તેની એક સા બેતી એ છે કે હાલની ઘણીખરી એરીઅન પ્રજાઓની ભાષાઓમાં ખોદા વિષે જે શબ્દોછે તે સઘલા લારડ બીશપ મયુરીનના કેહવા મુજબ આ તશ અને સુર્યના એક ખાસ ગુણ "પ્રકાશવું, ચલકવું, રોશની આપવી" તે ઉપરથીછે. "પ્રકાશવુ" એનો અસલ એરીઅન ધાતુ "દીવ" છે.

એ ધાતુ ઉપરથી સંસકૃતમાં ખોદાનો શબ્દ દેવ છે અને બીશપ મયુરીન પ્રમાણે યુનાનીઓમાં દીઓસ અથવા ઝીઅસ (Deos or zeus) લેટીન (રોમનોની ભાષા) માં દીઅસ (Deus), જર્મનોમાં તીઅસ (Teus) લીથુનીઅન ભાષામાં દીએવાસ (Diewas), આઇરીસમાં દીઆ (Dia), •કીમ્રીકમાં દેઉવ અથવા દુવ (Dew or Duw), "આર્મોરીક" માં દુએ, (Doue), કોર્નીકમાં દય (Deu), મેકસીકનમાં તીઓટ (Teote) અને એ પ્રમાણે બીજી ભાષાઓમાં.

હવે આપણે જાંણીએ છીએ કે એ સઘલી જબાંન બોલનારાઓના અસલ વડવાઓ એકજ જગાએ, આર્ય ભુમીમાં, રહેતા હતા. તયાંથી પેહેલે કેલ્ટ લોકો, પછી જર્મનો, પછી સ્કેનદીનેવીઅનો, યુનાનીઓ, રોમ નો, એમ છુટા પડતા ગયા અને પશ્ચિમ તરફ જઇ વસ્યા. એઓ ગયા ત્યારે પોતા સાડે "ખોદા" વિષેનો અસલી એરીઅન શબ્દ "દેવ" લેતા ગયા અને પોતાની ભાષામાં જુદે જુદે રૂપે જાળવી રાખયો.

એ ઉપરથી તયારે શું માલમ પડેછે ? એમ નક્કી થાયછે કે ખોદા વિષેનો "દેવ" શબ્દ ઘણા અસલી જમાનાથી ઊત્પન્ન થયોછે, અસલી જ માનો જ્યારે એ સઘલા તોલાના વડવાઓ સાડે રેહતા હતા. એ ઉપરથી ત્યારે નક્કી થાયછે કે ઘણા અસલી જમાનાના માણસોએ ખોદાનું નામ "દેવ" આતશ અને સુર્યના એક ગુણ (અસલી એરીઅન ધાતુ) "દીવ"

પ્રકાશવું ઉપરથી પાડયું. એ ઉપરથી ત્યારે છેલ્લું અગતનું સીદ્ધાંત એ નીકલેછે કે ઘણા અસલી જમાનાથી માણસ જાત પોતાના પેદા કરનારની યાદ, સેતાયશ, નીઆએશ, જબાએશ, અને સમર્ણ સ્તુતી આતશ સુર્ય જેવા પ્રકાશીત કેબલા મારફતે કરતા હતા.

અહીં કોઇ સવાલ કરશે કે જ્યારે ઉપલી સઘલી એરીઅન પ્રજાઓમાં ખોદા વિષેનો શબ્દ "દિવ" ધાતુ ઊપરથી સંસકૃત "દેવ"ને મલતો મળેછે ત્યારે ખુદ ઇરાંની પ્રજા, જે તો ઉપલા ટોલા જુદા પડયા પછી પણ ઘણો વખત સુધી વેદ વાલી પ્રજા સાઠે જોડાયલી રેહી, તેની અવસ્તા ભાપામાં ખોદા વિષે શબ્દ એ "દિવ" ધાતુ ઉપરથી કેમ નથી મળતો? એનો જવાબ એછેકે જ્યારે જરથોસ્તે જોયું કે એ શબ્દ ફકત એક ખોદાને લગાડવાને બદલે તેના હાથ નીચેના યજદોનેબી લગાડવા લાગા ત્યારે તે શબ્દ તેણે પોતાની નવી દીનમાંથી દુર કરી તેને ખરાબ અર્થ આપ્યો. તેણે જ્યારે જોયું કે માણુસો ઇશ્વરની પેદાયશ વટીકને ઇશ્વર ઘણી "દેવ" "દેવ" "દેવ" એવું કેહેતા હતા ત્યારે તેણે એ શબ્દ પોતાની નવી દીનમાંથી ઇશ્વરને માટે રદ. કર્યો અને તેને ઉલતો અર્થ આપ્યો. જરથોસ્તે પોતાના વખતમાં અનેક ઇશ્વર માનતા ઘણી દાખેલ થયલી જોઇ. જેને વિષે આપણે આગલ બોલ્યા તેની એજ એક સાબેતી છે કે એક ખોદાના વીચાર ઉપરથી અનેક-દેવ-મત ઉપર આવી લોકો બીજી શકિતઓને અને યજદોને પણ દેવ અને ખોદા ગણવા લાગા તેથી જરથોસ્તને ખોદા વિષેનો અસલી શબ્દ "દેવ" પોતાની નવી દીનમાંથી રદ કરવો પડયો. અવસ્તાવાલાઓનું વેદ વાલાઓથી છુટા પડવાનું ધર્મ સંબંધી એ એક કારણ છે.

બીજી સાબેતી. ઇરાંની, વેદીક અને રોમન આતશ ધરમગુરૂ.

માંણુસ ઘણા અસલી જમાનાથી આતશના નુંરી કેબલાની સેતાયશ કરતું આવ્યુંછે તેની બીજી સાહદત એછેકે જેમ અવસ્તામાં અને વેદમાં તેમજ રોમનોમા, ધર્મગુરૂઓના વર્ગોમાં એક ચોકસ વર્ગ છે જેઓને આતશ સંભાલનાર ધર્મગુરૂઓ કહેછે.

હવે અવસ્તા વાલાઓ અને વેદવાલાઓતો ઘણા પછવાડેથી સરવેથી છેલ્લા એક મેકથી છુટા પડયા પણ રોમનોતો આર્ય ભુમીથી ઘણા આગમચના છુટા પડેલા. તેથી જેમ વેદમાં અને અવસ્તામાં તેમજ એ લોકોમા આતશની રખેવાલી કરવા માટે જ્યારે ધર્મ ગુરૂઓનો એક ચોકશ વર્ગછે ત્યારે ખોલ્લું દીસેછે આતશની રખેવાલી અને સેતાયશ ઘણા અસલી વખતથી જાએજ હોવી જોઇએ કે જે વખતે તેઓ સઘલા સાઠે વસ્તા હતા.

અવસ્તામાં એ ધર્મગુરૂના વર્ગને આથરવન (આતર=આતશ અને વન=બચાવવું, સંભાલવું) કહેછે. વેદમાં પણ એઓને અથર્વન કહેછે. એ શબ્દનો અર્થ "આતશની સંભાલ કરનાર" કરી થાયછે આપણો અથોરનાંન બોલ એજ શબ્દો પરથીછે. રોમનોમાં એઓને "ફ્લેમીન" (Flamine) કહેછે જે શબ્દનો ધાતુ ફ્લેર (flare to breathe) એટલે ફુંકવુંછે. એ શબ્દ એઓનું કામ દેખાડેછે કે (આતશને) "ફુંકનારા, સુલગાવનારા, જાથુક રોશન રાખનારા". વળી વેદમાં પણ અથર્વનને માટે કહેછે કે તે આતશને ફુંકેછે અને (દમથી) ખેંચી કાહડેછે.

આથોરનાન અને ફ્લેમીન વચ્ચે સરખામની.

વલી વધારે અજાયબ જેવું એછે કે રોમનોના એ ફ્લેમીનો વિષે જે ફરમાનોછે તે ફરમાનો અવસ્તામાં આવેલાં ફરમાનોને અને હાલનાં અથોરનાનોનાં આતશના સંબંધનાં રેવાજોને મલતાં આવેછે.

પેહેલું. વંદીદાદની ૧૭મી પ્રગરદ નખ, બાલ વીગેરે નજીસાતને દુર કરવાની બાબદ ઉપરછે, અને તેઓને કાપીને જમીનમાં કેમ દાતવાં તે વિષેનું ફરમાન આપેછે. એ ફરમાનોને મલતુંજ ફરમાન એ "ફ્લેમાનો" ને છેકે તેઓએ "પોતાના બાલ અને નખ કાપીને એક ઝાડ તલે દાતવાં."

બીજું. વળી અથોરનાનની સંભાલ તલેના આતશની માફક એ ફ્લેમીનોનો આતશ પવીત્ર કામકાજ સીવાય બીજા કોઇ સાધારન ઉપયોગમાં, જેવાકે રાંધવામાં આવતો ન હતો.

ત્રીજું. તેઓને અથોરનાનની માફક કોઇ નજીશાતને અથવા ગુજરેલાંનાં તનને અથવા ઢોરને અડકવાનો અટકાવ હતો.

ચોહું. વળી એક બાબદમાં તેઓ આપણાં અથોરનાનો કરતાં પણ વધારે આગળ જઇ પોતાનો આતશ સાઠે સંબંધ દેખાડતા હતા; અને તે એકે અમો અથોરનાનોતો સફેદ પાઘડી પેહેરીએ છીયે પણ તે ફ્લેમીનોતો માથાપર જે પોષાક પેહેરતા હતા તેને આતશના સોળાના જેવો આકાર આપતા હતા.

પાંચમું. વળી એથી પણ વધારે એ કે અમો અથોરનાનોની સ્ત્રીઓ તો પોતાનો પોષાક બેહેદીનોની સ્ત્રીઓની માફકજ રાખેછે પણ તે ફ્લેમીનોની સ્ત્રીઓ તો બીજી સ્ત્રીઓનાં કરતાં જુદી ધપનો પોષાક પેહરતી

હતી. તેઓ પણ આતશના સોળાની ધપનો પોષાક માથા ઉપર પેહેડતી હતી. એ ઉપરાંત તેઓ મોહ્ડા ઉપર જે બુરખો નાખતી હતી તેનો રંગ પણ આતશનાં સોલાનાં જેવો પીલો હતો.

૭૬. તેઓ આતશ સનમુખ જતા હતા ત્યારે એક જાતના ઝાડની દાંખલી હાથમાં ધરતા હતા જે બીશપ મ્યુરીન ધારેછે કે આપણી બરસમને મળતી હોય. હાલમાં મોબેદો ઇજશને વંદીદાદ અને બાજની ક્રીયામાં ધાતુની બરસમ વાપડેછે, પણ એવું ધારવામાં આવેછેકે આગલ ઝાડની દાંખલીઓની બરશમ કરવામા આવતી હતી.

ત્રીજી સાબેતી. અસલી પ્રજાઓનાં આતશકદેહો.

આતશની સેતાએશના પુરાતનપણાની ત્રીજી સાહાદત આપણને અસલી પ્રજાઓએ સથાપેલાં પુરાનાં આતશનાં મકાનો, જેનું તવારીખ વર્ણન આપેછે તે ઉપરથી મળેછે. દાખલાતરીકે બીશપ મયુરીન પ્રમાણે "યુનાનીઓએ ઓલીમપીઆમાં સથાપેલું "પેન" નું મકાન જ્યાં આતશ કદી બુજાવામાં આવતો નહતો; એથીન પેલીએસનાં દેવલમાં એક ચેરાગ સુનેરી વાસનમાં હમેશ રોસન રાખવામાં આવતો હતો; યુનાનીઓનાં "દેલોસ" નાં મંદીરમાં એક આતશ હમેશાં રોશન રેહતો, જે આતશનાં માનને ખાતરજ ઝર્કસીસે જ્યારે યુનાનપર હોમલો કીધો ત્યારે "દેલોસ"ને સલાંમત રેહવાદીધું."

"રોમનોએ પોતાનું વડું આતશનું મથક આલબાલેંગામાં સ્થાપ્યુ હતું જ્યાંથી બીજાં ૩૦ શેહરો પોતાનાં મકાનો માટે આતશ લેઇ જતાં હતાં. રોમમાં પેલાતાઇનની ટેકડીની હેઠે વીસ્તા નામનું આતસનું મોટું મથક હતું." રોમની તવારીખ વાચતાં આપણને માલમ પડેછે કે ન્યુમા, જે રોમના ધર્મ સંબંધી કાયદા કાનુનોનો સ્થાપનાર ગણાયછે, તેણે એ વેસ્તાના આતશ ઉપર દેખરેખ રાખવાને ૪) કન્યા કુમારીઓ મુકરર કરી હતી, જેઓ તવારીખમાં વેસ્ટલવરજીન્સ (vestal virgins) ને નામે મશહુરછે.

વલી બીશપ મ્યુરીન કહેછે કે "અસલી જર્મનો પોતાના ઇશ્વર થોરની મુર્તીની સનમુખ હમેશાં એક આતશ રોસન રાખતા હતા. સ્લેવ લોકો પોતાના દેવતા "પીરૂન" અને પ્રશીઅનો પોતાના "પીરકુન" ની સનમુખ એક આતશ હમેશ બલતો રાખતા હતા, કે જે આતશને તે

ઓના ફ્રાઇવ નામના ધર્મ ગુરૂ "ઓક" નામના લાકડાંથી રોશન રાખતા હતા. લીથુનીઅને "વીલના" માં "ઝીન્ડસ" નામનો આતશ બલતો રાખતા હતા, જે જો તેના રખેવાલ ધર્મ ગુરૂની ગફલતથી બુજાઈ જતો તો તેઓ તેને મારી નાખી સીક્ષા કરતા હતા. "સ્લેવીક" લોકોના "સુઆનટે વીટ" નામના દેવતાની યાદમાં ઉભા કરેલાં દેવલમાં જ્યારે પવીત્ર આતશ સનમુખ ધર્મ ગુરૂઓ જતા હતા ત્યારે તેઓ દમ વટીક લેતા ન હતા. એ રેવાજ પારસી ધર્મ ગુરૂઓ પોતાના મોહડાંપર પદાંન બાંધેછે તેને મળતો આવેછે, જેની મતલબ એવીછે કે આપણા દમ વટીકથી પવીત્રી આતશ અપવીત્ર ન થાય. આર્યલાન્ડમાં કીલદર નામની જગાએ રોમન લોકોનાં વેસ્તાના આતશની માફક એક બનથુક આતશ તેઓના બ્રીજીત (એટલે "રોશન" Bright) નામના દેવતાની યાદમાં બલતો હતો. તેની આસપાસ કતેરા ભરી લેવામાં આવતા હતા કે જેની અંદર કોઇ શખસથી જવાતું ન હતું. એ કતેરા ભરી લેવાને બદલે આપણા આતશ આ દરાંનો અને આતશબેહરાંમોમાં પાવી કોતરવામાં આવેછે, જેની અંદર બેહેદીનોને જવાની મનાઇછે. એ આતશને મોહડાંથી ફુક મારીને કદી રોશન કરવામાં ન આવતો પણ ધમનથી તેને ઉશકેરવામાં આવતો હતો. આપણે પણ આતશને ફુક મારી કદી રોશન કરતા નથી, પણ પંખાથી રોશન કરીએ છીએ.

એ અસલી અને પુરાની પ્રજાઓ તેમજ પછીની બીજી પ્રજાઓનાં આતશકદેહો ત્રીજી સાબેતી આપેછે કે આતશની સેતાયશ ઘણાં જુના વખતથી માણસોમાં દાખેલ હોવી જોઇએ; જુનો વખત કે જ્યારે એ સઘલી પ્રજાઓ એક ભુમીપર વસતી હતી.

એ ત્રણ બાબદો ઉપરથી ત્યારે આતશની સેતાયશનું પુરતાનપણુ સાબેત થાયછે.

આતશનું નુર મોઝેક ધરમપુસ્તકમાં.

વળી મોઝીસના ઘણાં પુરાના ધર્મ પુષ્ટક ઉપરથી પણ આપણને ઘણાક દાખલા મલેછે જે ઉપરથી આપણને માલમ પડેછે કે એ પુષ્ટકમાં પણ આતશને ઇશ્વરનાં એક નુર તરીકે કબુલ રાખ્યોછે. મોઝીસની (exhodus) એકસોદસ (એટલે શેહેર છોડી જવું) નામની ૨ જી ચોપડીના ૩ જા બાબમાં નીચલું વર્ણન આવેછે. ખોદા, "મોઝીસ" પેગમબરને, ઇસ્રાએલ પ્રજા અને રાજ "ફેરો" તરફ એક કાસદ તરીકે મોકલેછે. એ પેગામ

કેહેવા ખોદા મોઝીસ સનમુખ એક ઝાડીમાંથી આતશનાં બલતાંનાં રૂપ માં જાહેર થાયછે. મોઝીસની નજરે તે ઝાડી સલગતી નજરે પડી પણ તે બળીગઇ નહી. ઝાડીમાંથી ખોદાએ કહ્યુ "કે તારા જોડા કાહડીને અહી આવ કારણ કે આએ જગા પવીત્રછે."

જ્યારે મોઝીસના કેહેવાથી ફેરોએ ઇસ્રાએલોને પોતાના દેશ ઇજીપ્ટ માંથી જવાદીધા ત્યારે મોઝીસની ઉપલી ચોપડીના ૧૩ માં બાબ પ્રમાણે ઇસ્રાએલોને રસતો દેખાડવા પણ ખોદા આતશને રૂપે નજરે પડયો.

વળી મોઝીસની દીઅતેરોનોમી (deuteronomy) એટલે બીજો કાયદો નામની પાંચ મી ચોપડીના પાંચ માં બાબમાં ૪ થા ફકરામાં કહેછે કે ખોદાએ "આતશ"ની વચમાંથી પાહડ ઉપર મોહડે મોડુ (ઇસ્રાએલો સાથે) વાત કરી.

એજ પેગમબરની લેવીટીકસ (leviticus) (એટલે "લેવીટ" નામના ધર્મ ગુરૂઓને લગતી) ચોપડીના ૯ મા બાબમાં ૩૪ માં ફકરામાં કહેછે કે "જયારે મોઝીસના કેહેવાથી "એરોને" (Aaron) એ યજ્ઞકુંડ (altar) ઉપર ભોગ આપ્યો ત્યારે એક આતશ રોશન થઇ આવ્યો.

એ પ્રમાણે આતસ મારફતે ઇશ્વરનો ખેઆલ બાંધવાના દાખલા હીબ્રુઓનાં "ઓલ્ડટેસ્તેમેંટ"માં ઘણા મલેછે. જેમાનાં "સોલોમન" નાં લખાણનો સને ક્રાઇસ્તની આગમચ ૧૦૦૦) વર્ષનો અને દેનીઅલનો ૬૦૦) વર્ષ આગમચનો ગણાયછે.

હાલનાં ખરીસ્તીઓનાં ધર્મ પુષ્ટકમાં અને કીરયામાં આતશ.

હવે હીબ્રુઓનાં ઓલ્ડટેસ્ટમેંટ મેલી હાલના ખ્રીસ્તીઓનાં નીઉ તેસ્ટેમેંટ ઉપર આવતાં આપણને નીચલા ફકરા મલેછેઃ—

સેંટ જોન પોતાનાં પેહેલાં કાગજમાં કહેછે કે "ખોદા રોશનીછે અને તેમાં અંધકાર નથી."

સેંટપોલ પોતાનાં પેહેલાં કાગજમાં કહેછે કે તે "(ખોદા) નહી પોંહચી શકાય તેવી રોશનીમાં રહેછે."

એ પ્રમાણે ઘણીક જગાએ ઇશ્વરને "રોશની" અને આતશમાં હાજર હોય તેમ ચીતાર્યોછે.

બીશપ મ્યુરીન પ્રમાણે પવીત્ર સનીવારને દીને, એટલે તે દીવસ કે જેને ખ્રીસ્તીઓ ક્રાઇસ્તના સજીવન થવા (resurrection) ના દીવસ તરીકે પાલેછે તે દીને, એક નવો આતશ દેવલમાં બરપા કરવાનું એઓ જરૂરનું સમજેછે. તે નવો આતશ તેઓ ચકમકથી પાડેછે એવી મતલબે કે ક્રાઇસ્ત મરણ પામેલામાંથી જાંણે પાછો સજીવન થયો. પછી એ નવા આતશમાંથી ચોકસ ક્રીયા અને ભણતર સાથે તેઓ એક મીનબતી સલગાવેછે, એવી મતલબે કે જાંણે ક્રાઇસ્ત હવે ઉઠયો અને એ મીનબતીમાંથી પછી બીજી મીનબતીઓ અને જાથુકનો ચેરાગ સલગાવેછે. નીરદોસ મધમાખીઓએ સ્વચ્છ ફુલોમાંથી એકઠા કરેલા ખુશબોદાર રસમાંથી બનાવેલાં મીનને એઓ જાંણે ક્રાઇસ્તનું બદન સમજેછે કે જે પણ, જેમ મધમાખી (virgin) કુમારી ગણાયછે તેમ, કુમારી "મેરી" ને પેતે જ નમ્યો હતો.

એ વર્ણન ઉપરથી બીશપમ્યુરીન પારસીઓનાં આતશકદેહમાં બળતા આતશને ખ્રીસ્તી દેવલના પવીત્રાલય (sanctuary) માં બળતા જાથુકના ચેરાગ (Perpetual Lamp) સાથ સરખાવે છે.

જેમ કેટલીક ખ્રીસ્તીઓ પોતાનાં પવીત્રાલયમાં તેમ હીંદુઓ પોતાનાં પવીત્ર મંદીરમાં હમેશાં એક ચેરાગ બલતો રાખેછે.

એ પ્રમાણે લગભગ સઘળી અસલી પ્રજાઓ અને ધર્મો આતશને માન આપતા હતા અને હાલમાં પણ બીજા ધર્મો આતશને માન આપે છે. એ વિષે મેદમ બ્લાવટસકી નામની કાબેલ બાનું નીચલા વીચાર આપેછે.

"There never was a religion but paid reverence to the Sun and Fire as the fittest emblems of Life, hence of the life-giving principle; nay that there is not, even at present, one single creed on our globe (including Christianity) but has preserved this reverence in its ritualism, though the emblems with time have been changed and disfigured."

આતશની સેતાયશનું વાજબીપણું

હવે આપણે આપણ જરથોસ્તીઓ આતશની સેતાયશ કરવામાં, આતશને માન આપવામાં કેટલા વાજબી છીયે તે તપાસીયે.

પેહલું. આપણે આગળ સારી રીતે જોયું કે આતશ, સુર્ય, ચંદ્ર જેવા કુદરતી પદાર્થોએ અસલી માણસ જાતનું ધ્યાન પેહેલાં ઇશ્વર તરફ

બેચ્યું હતું અને હાલ પણ તેઓ આપણને ઇશ્વરનું ભાંન આપેછે. એ કારણને લીધે આપણી બંદગી આપણને સુર્ય, ચંદ્ર યા આતશ સનમુખ કરવાનું ફરમાનછે પણ સુર્ય. ચંદ્ર તો તેઓના ચોક્કસ વખતેજ દેખા યછે પણ આતશ તો જ્યારે ઇછીયે ત્યારે હાજર થઇ શકેછે તેથી આ તશ એ બાબદમાં આપણને વધારે ઉપેઓગી થઇ પડેછે.

બીજું સઘલી પેદાયશની ઉત્પન્તી આતશ અને પાણીથી છે. આતશ તેનાં અનદીથ રૂપમાં ગરમી તરીકે સેંકડો રીતે ઉપેઓગી થઇ પડેછે. સઘળાં જીવદાર પ્રાણીઓ, પછી જાનવરો કહો કે માણસો કહો, તેઓની હસ્તીનો આધાર આતશ (ગરમી) અને પાણી ઉપરછે. સઘલાં સેંદ્રિય (organic) પદાર્થોને પોતાની હસતીને મારે આતશની અગત છે. વળી હાલના સુધરેલા જમાનાની સઘલી જુદી જુદી વિધ્યાઓ એ આતશની સેવા—પછી તે આતશને ગરમી રોશનીનાં નજરે પડતાં રૂપમાં લેઓ યા ગરમી. રોશની, વીજલીનાં અનદીથ રૂપમાં લેઓ. સાધારન ગરમીનાં અનદીથ રૂપમાં લેઓ, યા પ્રાણી અને ઝાડ પાંનોનાં તનમાંની ગરમાનાં અનદીથ રૂપમાં લેઓ, જમીનનાં માહેલાં પેટાંમાંથી નીકલતી ગરમી તરીકે લેઓ યા પાણીના પતાલમાં સમાયલી ગરમી તરીકે લેઓ—કોઇ બી રૂપમાં એ આતશની સેવા કબુલ રાખેછે. પેહેલાં આકાશ સાથે વાત કરતા તમારા ખગોલ વીધ્યા શાસ્ત્રી (astronomer) ને પ્રસ્ન કરો કે બીજા મંદલોની બાબદ મેલી દેઇ ફકત આપણા સુર્ય મંદલમાં આપણો પ્રતાપી આતશ તેનાં જુદાં જુદાં રૂપમાં શું ભાગ લેછે. પછી આકાશ મેલી વાતાવરણ ઉપર આવી તેની સાથે વેહવાર રાખનારા તમારા વાયુચક્ર શાસ્ત્રી (meteorologist) ને સવાલ નાખો કે હવામાં બનતા સેંકડો બલકે હજારો કુદરતી બનાવોમાં આતશનો કેટલો હાથછે. હવામાંથી જમીન ઉપર ઉતરી જમીનની સપાટીનું વર્ણન કરનાર તમારા ભુતળ વીધ્યા શાસ્ત્રી(physical geographer) ને પુછો કે ગગન સાથે વાત કરનારા તેના પાહાડોની તેમજ પટાલે પોંહચેલા તેના દરીઆઓની હાલની હાલત ઉત્પન્ન કરવામાં એ નુરી આતશનો કેટલો ભાગછે. જમીનની સપાટી મેલી જમીનનાં માહેલાં ભીતરોની ખબર કાહાડનાર તમારા ભુરચના શાસ્ત્રી (geologist) થી વાકેફ થાઓ કે આએ પોહલી અને બોહલી જગતમાં, આએ પૃથ્વીમાતાની સપાટીની હાલની હાલત ઉત્પન્ન કરવામાં, આપણા આતશનો શું હાથછે. આકાશ, વાતાવરણ, જમીન અને જમીનનાં માહેલાં પડો વિષેનું જ્ઞાન ધરાવનાર શાસ્ત્રીઓને સવાલ કરી રહી જમીનની સ-

પાતી ઉપરની બાબદોનો અભ્યાસ કરનારા બીજા શાસ્ત્રીઓને સવાલ કરો. તમારા રસાયણ શાસ્ત્રી (chemist) ને પુછો કે મીશ્રીત પદાર્થોનાં પૃથકકરણ (Analysis) અને મુલતતવોનાં એકીકરણ (synthesis) માટે તમારા આતશને–સિધ્ધ પદાર્થ વિજ્ઞાનીએ જાહેર કરેલાં તેનાં જુદાં જુદાં રૂપોમાં–તે કેટલો આભારીછે. તમારા પ્રાણી વીધ્યા શાસ્ત્રી (physiologist) થી તેહકીક કરો કે પ્રાણી માત્રને જે અવસ્ય ગરમી તેને માટે તેઓ આતશને–તેનાં ગરમીનાં અનદીથ રૂપમાં—કેટલા ઉપકારીછે. પછી ટુંકમાં તમારા સઘળા કારીગરોને સવાલ કરોકે આતશને–તેનાં ગરમીનાં નજરે પડતાં રૂપમાં–તેઓ કેટલા આભારીછે. સઘલા કારીગરો એકામતે એકાજતે, પોતાનાં જુદા જુદા ધંધાઓમાં–જેમાં એક યા બીજી રીતે સીધ્ધ પદાર્થ વિજ્ઞાને જાહેર કરેલાં આતશનાં જુદા જુદા રૂપોના નીયમોનો તેઓ ઉપયોગ કરે છે–આતશની એ મદદ કબુલ રાખશે.

વળી આતશ તેના નજરે પડતાં રૂપમાં તમોને કેટલો ઉપયોગીછે? તમારી આગગાડીઓ. આગબોટો અને કારખાનાંઓમાં તે તમોને કેટલો ઉપયોગી થઇ પડેછે? તમારા ઘેર સંસારી ઉપયોગોમાં આવતો, તમારા ચુલાઓમાં બળતો આતશ તમારી કેવી સેવા બજાવેછે અને તમારા કેટલા આરામ મેલવેછે? મેરી હોવીથ નામની એક કવેલ બાનુએ બાબદ ઉપર "આતશની મીત્રાચારી" એવાં મથાળાં હેથલ નીચલું અસર કારક લખાંન કરેછે.

FRIENDLINESS OF A FIRE.

A fire's a good companionable friend
A comfortable friend, who meets your face
With welcome glad and makes the poorest shed
As pleasant as a palace. Are you cold ?
He warms you—weary ? he refreshes you—
Hungry ? he doth prepare your food for you—
Are you in darkness ? he gives light to you—
In a strange land ? he wares a face that is
Familiar from your childhood. Are you poor ?
What matters it to him. He knows no difference
Between an emperor and the poorest beggar !
Where is the friend that bears the name of man
Will do as much for you ?

અર્થ—આતશ તમારો એક ખરો ગોથીઓ સોબતીછે. તે તમોને સુખ આપનારો સોબતીછે, જે હમેશાં તમારી સનમુખ હસ્તે ચેહરે આવેછે, અને એક ગરીબમાં ગરીબ માણસની ઝુપડીને પોતાની હાજરીથી એક મેહેલ જેવી આનંદ કારક કરેછે. તમોને તાઢ વાએછે ? અરે ફીકર નહી તે તમોને હવડાં ગરમી આપશે. તમોને થાક ચહડીછે ? અરે હવડાં તમારી થાક ઉતારી મુકશે. તમોને ભુખ લાગીછે ? હવડાં તમારે માટે તે ખોરાક પકાવશે. તમોને અંધારૂં લાગેછે ? હવડાં તમોને તે રોશની આપશે. તમોને પરાયા મુલકમાં અંજાનું લાગેછે ? બચપણથી જાણીતા થયલા વીચારો તમારી સનમુખ ધરી તમોને સોહોવાઇ જાએ તેવું કરશે. તમો ગરીબ છેઓ ? તેની શી ફીકર. આતશને મનથી એક ગરીબમાં ગરીબ ફકીર અને તવંગરમાં તવંગર શાહનશાહ બેઉ એક સરખાછે. માણસ તરીકે કેહેવાતો તમારો કોઇ એવો દોસ્તછે કે જે તમોને એટલો બધો કામ લાગે ?

આતશની સેતાયશમાં જરથોસતી ધરમે ઉમેરેલું નવું તત્વ.

હવે એટલી તપાસ ઉપરથી આપણને માલમ પડેછે કે આપણો આતશ આપણી સેતાયશને પુરતો લાયકછે. એટલુંજ નહી પણ આપણા જરથોસ્તી ધર્મમાં આતશની સેતાયશમાં જે એક નવું તત્વ ઉમેરાયુંછે તે ઉપરથી તે આપણાં માનને વધારે લાયક થડેછે.આપણાં અતશ |આદરાંનો અને આપણા આતશ બેહરાંમોમાં પરથેલા આપણા આતશો, પોતામાં, જરથોસ્તી ધર્મ પ્રમાણે એક નવું તત્વ સમાવેછે.

આપણાં આતશ કદેહોમાં જે આતશ મેલવામાં આવેછે તે કાંઇ આપણા ચુલાઓમાં યા આપણી સગડીઓમાં બળતો સાધારન આતશ નથી. વંદીદાદની ૮) મી પરગરદમાં ૧૬) ઠેકાણેનાં આતશનાં નામો આવેછે, જે આતશોને દાદગાહમાં પરથવા ફરમાવ્યુંછે. ફારસી રેવાયતોમાં એ આતશોનાં નામ થોડાક ફેરફાર સાથ આપ્યાંછે. એ આતશો જુદી જુદી જગાનાં અને જુદા જુદા ધંધાદારીઓનાંછે; જેવાં કે લોહાડ, ભરવાડ, કુમાર વીગેરે.

હવે એ આતશોને આપણાં આતશ આદરાંનોમાં અને આતશ બેહેરાંમોમાં, તેઓની દાદગાહે, તેઓની લાયક જગાએ, પરથતી વખતે, કાંઇ એમના એમ લેઇ જઇ મેલવામાં આવતા નથી. તેઓને ચોકસ ક્રીયા કરી તૈયાર કરવામાં આવેછે

તેઓને ત્યાં મેલવા માટે ચોક્કસ ક્રીયા ફરમાવેલીછે કે જે હાલ પણ આતશ બેહેરાંમ યા આદરાંન પરથતી વખતે જાલવવામાં આવેછે. તે ક્રીયા એ છે કે તે ચોકશ આતશની ઉપર ઉંચેથી એક બેશમ (લાકડાં યા સુખડ) નો કટકો એક આંધરાંવાલી ચમચપર મેલી પકડવો અને તેને ફક્ત પેલા આતશની ઝારથી સલગાવવો પછી એ આતશની ઝારથી બીજા લાકડાં યા સુખડના કટકાને સલગાવવો. પછી વલી તેનીથી બીજાંને સલગાવવો. એ પ્રમાણે નવ વખત કરવું; અને દરેક વખત આગલા આતશને તેની આગલના આતશની નજદીકમાં સરદ થવા દેવો. એ પ્રમાણે સઘળા આતશો ઉપર ક્રીયા કરી જુદા આતશો બનાવી તેઓ ઉપર ઇજશને વીગેરેની ક્રીયા કરવામાં આવેછે. પછી સઘળા એ પ્રમાણે પવીત્ર કરેલા આતશોને એકથા કરી એક જગાએ પરથવામાં આવેછે.

હવે એ ક્રીયાની ફીલસુફી એછે કે દાદગાહમાં પરથેલો આતશ જે પવીત્રમાં પવીત્ર નુરછે, તે જુદા જુદા આતશોમાંથી મેલવેલું જાંણે અર્ક (essence) છે. એવો ફક્ત અર્કથી ખેંચી કાહડેલો આતશ તેની સનમુખ આવનાર સેતાયશ કરનારને ખેઆલ આપેછે કે તેણે પણ આવતી દુનીઆંમાં પોતાની લાયક જગા (દાદગાહ) પામવા માટે પોતાના કામો અને કરણીઓને પવીત્રાઇ અને નીતીની ચારણીમાંથી જાણે ગાલીને સ્વચ્છ અને પવીત્ર કરવાં. જયારે આતશ જેવો નુરી પદાર્થ જે પોતે તદન પવીત્ર હોયછે, અને જેને કશી આલુદગી લાગતી નથી અને જે સાંમો બીજા પદાર્થોને પવીત્ર કરેછે, તેને પોતાની દાદગાહ (લાયક જગા) પામવા માટે એટલી બધી ક્રીયામાં દાખેલ થઇ પોતાનો અર્ક (essence) જાહેર કરવો પડેછે, ત્યારે આપણ ખાકી બંદાઓ, જેઓ ગુનાહ કરવાને લાજેમ છીએ, અને જેઓ સેંકડો અને હજારો તનની અને મનની આલુદગીના સંબંધમાં, દર કલાકે અને દર પલે આવ્યે છીએ, તેઓને કેટલું બધું અગત્યનુંછે, કેટલું બધું અવસ્યનું છે, કેટલું બધું જરૂરનું છે, કેટલું બધું લાજેમછે કે પેલી જેહાંનમાં આપણી લાયક જગા (દાદગાહ) પામવા માટે, આએ જેહાંનમાં આપણાં કાંમોને ગાલી કાહડી તદન ચોખાં, સ્વચ્છ, અને પવીત્ર કરવાં? જ્યારે આતશ જેવા નુરી, પવીત્ર અને ઉપયોગી કેબલા વટીકને પોતાની દાદગાહ પામવા માટે પોતાની ખાલેશી અને પવીત્રાઇનો અર્ક (essence) ખેંચી કાહડવો પડેછે, ત્યારે આપણ પાંપી બંદાઓને કેટલું બધું લાજેમ છે કે આપણે પણ આપણી મનશની ગવશની અને

ફ્રુનશની (આપણાં વીચાર વાચા અને કરણી) ને નીતી અને પવીત્રાઇની ચારણીમાંથી ગાળી કાહડવી અને આપણા હુમત, હુખ્ત અને હવર્શત (ભલા વીચાર, વચન અને કાંમ) ને, દુશમત, દુઝુખ્ત દુઝવર્શ્તે (ભુંડા વીચાર, વચન અને કામ) થી જુદા પાડવાં કે આપણે પણ આપણી દાદગાહ, આપણી લાયક જગા, આપણુ બેહેસ્ત પામવાને સામર્થવાન થઇએ?

એક માણસને એવા નીર્મલ, સ્વચ્છ અને નીતીના વીચારો આપવા માટે "આતશ" કરતાં બીજો વધારે લાયક પદાર્થ કયો હોય? સાધારન આતશ કરતાં આદરાંનો અને આતશબેહેરાંમના આતશોને વધારે માન એ કારણોને લીધે આપણે આપીયે છીયે.

વીધ્વાંન મેકસમુલરે સુચવેલુ કારણ આપણે આગલ તપાસ્યુ પણ શું ફકત આએ ઉપર વર્ણન કરેલું એકજ કારણ આપણુને દેખાડવાને પુરતું નથી કે આતશ કરતાં સરસ બીજો કોઇબી પદાર્થ યા બીજી કોઇ પણ સ્રેષ્ટ પેદાયશ નથી કે જે આપણુને એકી વખતે એક તો તે ઇશ્વરનો ખેઆલ આપે અને બીજુ તો આએ દુનીઆંનાં આપણાં કાંમોને પવીત્રાઇ અને નીતીના માર્ગપર ચલાવવાનું ભાંન આપે?

ઉપલી તપાસ ઉપરથી ત્યારે તાતપર્ય એ નીકલેછે કે એક જરથોસ્તી ને આતશ સનમુખ ઉભું રેહતાં, ઇશ્વર વિષેના અને નીતીના વીચારો ઉપજે છે.

૧) લું તો આપણે આગલ જોયું તેમ તેને એ રોશન બલતાં નુર ઉપરથી પેલી અનદીથ, અદભુત, નજરથી અને વીચારથી પાંમી ન શકાય તેવી ઇશ્વરી શક્તિનો બીજા શબ્દોમાં ખુદ ખોદાનો ખેઆલ આવેછે.

૨) જુ તો આપણે આતશઆદરાંનો અને આતશ બેહરાંમોમાં પરથેલો આતશ આપણુને ભાન આપેછે કે તે પવીત્ર આતશની માફક આપણુને પણ લાજમછે કે આપણાં સઘલાં કાંમોને તદન ખાલેશમાં ખાલેશ, નીર્મલમાં નીર્મલ અને વગર આલુદગી ભર્યાં રાખવાં.

વળી તે આતશ સનમુખ સેતાયશ કરનાર થોડો વખત તયાં ઉભો રેહી તે આતશમાં થતા ફેરફારો ઉપરથી બીજો શું ખેઆલ બાંધે છે? તે જોએછે કે આવો ખાલેશ, આવો પવીત્ર, અને આવો નુરી પદાર્થ જે તે કીરતારની પેદાયશોમાં કીમતીમાં કીમતીછે, જે માણસ જાતપર કરેલી તેની બક્ષેસોમાંની અઝીમમાં અઝીમ બક્ષેસછે, તે પણ એક હાલતમાં કાયમ રેહતો નથી. તે હમેશાં રોશન તો રહેછે પણ તે એકનો એક-

જ ભાગ નથી. સઘલી ચીજોની માફક તે નાપાયદારછે. તેનો એક ભાગ બળીને તદન ભસમ થઇ જાયછે અને બીજો રોશન થાયછે. એ વીચાર ઉપરથી એક જરથોસ્તી--પછી તે શાહનશાહી દોલતનો ધણી કાંએ ન હી હોય તે—ખેઆલ બાંધેછે કે "મારે પણ આખેરસ અહીંથી જવુંછે," તે હમેશાં ફેરફાર થતા આતશ ઉપરથી વીચાર બાંધેછે કે "શઘલી ચી જોનો છેડો આવેછે તેમ મારો પણ આવવાનો માટે મને લાજેમછે કે જે ટલો ટુંક વખત હું અહીં રેહું તેટલો વખત હું આએ બળતા આતશ ની માફક રોશની અને ખુશબો પાંથરૂં યાને નેકીનો ચલકાત અને ખુબી નો સુગંધ આસપાસ ફેલાવું."

વળી રોશન આતશ, જે બળીને તદન રાખ થઇ જાયછે તેની રાખ (રખીઆ) પોતાને કપાલે ચોંટાડતાં તેને એ વીચારો ખચ્ચીત આવવા જોઇએ. એક તો એ રખીઆ પોતાને કપાલે ચોંટાડી, પોતાને દીદારે લગાડી તે નુરી આતશ તરફ પોતાનું માન જાહેર કરેછે કે "ઇશ્વર વિષે, નીતીની જીંદગી વિષે અને આએ દુનીઆની નાપાયદારી વિષેનો ખેઆલ આપના ર આવા એક નુરી, પવીત્ર અને રોશન પદાર્થની રાખ મારે માથે ચડાવી, મારી આંખે લગાડી. બીજું તો તે રખીઆ લેઇ ખેઆલ બાંધેછે કે મારે પણ આખેરે મીતી સાથે મીતી (dust to dust) મલી જવુંછે, જેમકે આએ નુરીઆતશ પણ બલીને આખેરે રાખ થઇ ગયો.

આતશને ભેટ.

હવે એવો આતશ જે આપણને ખુદ ઇશ્વરનું ભાંન આપેછે, ખુદ ખોદાની યાદ આપેછે, અને જે આપણા સેંકડો અને હજારો ઉપયોગો માં આવેછે અને વળી જે આપણા આગલ જોયું તેમ નીતીનું ગ્નાન આપેછે તે આતશને તેની તરફનાં માન અને પ્યારની ઈંધાની તરીકે શું ભેટ આપવી ?

જેમ આપણ માણસ જાતને આપણી હસ્તી માટે ખોરાક જરૂરનો છે તેમ આતશને પણ ખોરાક પોતાની હસ્તીને માટે અગત્યનોછે. આત શને જોઇતો એ ખોરાક તે તેને ભેટ આપવામાં આવતું બલતનછે. શા હેરો માણસી જીંદગીને એક રોશન ચેરાગ સાથ સરખાવેછે. જ્યારે કોઇ માણસ મરી જાયછે ત્યારે તેઓ કહેછે કે "તેની જીંદગીની જોત બુજાઇ ગેઇ." કુદરતી વીદયાના કાનુન પ્રમાણે, એમ કેહવું બોલેબોલ ખરૂંછે. માણ સની જીંદગી પણ એક ચેરાગની મીસાલે બળતી રહેછે. માણસને

જેમ પોતાની જીંદગીની જોતને બલતી રાખવા માટે ખોરાકની અગત છે તેમ એક ચેરાગને પણ પોતાની જોત બલતી રાખવા માટે ખોરાકની, એટલે તેને મલતાં બલતનની અગતછે. બેઉમાં ચાલતા ફેરફારો કુદરતી વીધ્યાના કાનુન પ્રમાણે એક સરખાછે. દાખલા તરીકે તમારા સરનશીન આગલ બલતો મીનબતીનો આએ ચેરાગ લેઓ. એ મીનબતીનાં ચેરાગને એક વખત સલગાવ્યા પછી તેની જોતને બલતી અને ઝલતી ચાલુ રાખવા માટે "હાઇડ્રોજન" અને "કારબોન" નામનાં તત્વો, જે હાઇડ્રો કારબોન્સ (Hydro carbons) ને નામે જણાયલાંછે, તે અવષ્યછે. એ તત્વો એ મીનબતીને એનાં મીનમાંથી મલેછે. તમારાં તેલ, ઘી, અને મીનમાં એ તત્વો સમાએલાંછે. હવે તમારી જીંદગીની જોતમાં પણ એજ ક્રીયા ચાલુછે. તમારી જીંદગીની જોતને બલતી રાખવા માટે પણ એ હાઇડ્રો કારબોન્સની અગતછે. તમોને એ હાઇડ્રો કારબોન્સ નામના તત્વો તમારા ખોરાક મારફતે મલેછે તમારા ખોરાકમાં એ તતવો સમાએલાંછે. એ પ્રમાણે ત્યારે આપણી જીંદગીની જોત પણ એક રોશન ચેરાગની જોતની માફકજ બલેછે. અવસ્તામાં ૫) જાતનાં આતશોનાં વર્ણન આવેછે ૧) બેરેઝીસવંઘહ, ૨)વોહુ ફ્રીયાન, ૩) ઉર્વાઝીસ્ત, ૪) વાઝીસ્ત અને ૫) સ્પેનીસ્ત. એ પાંચમાં બીજો એટઘે વોહુ ફ્રીયાન આતશ, તે આપણી જીંદગીની જોતને અવસ્યની ગરમી (animal heat) છે. એનું વર્ણન આપણને હાલમાં બચી રહેલા અવસ્તામાં કેથે મલતું નથી, પણ ઝડસ્પરમ અને બુનદેહશને નામની પેહેલવી ચોપડીઓમાં એ "વોહુ ફ્રીયાન" આતશ અને બીજા આતશોનું જે વર્ણન આવેલુંછે તે હાલના કુદરતી વીદ્યાનાં વર્ણનને કેટલેક દરજજે મલતું આવેછે.

એ પ્રમાણે ત્યારે જેમ આપણ માણસ જાતને ખોરાકની અગત છે તેમ એ આતશને ખોરાકની એટલે બલતનની અગતછે, જે બલતન આપણાં આતશ આદરાંનો અને આતશબેહેરાંમનાં આતશોને આપણે ભેટ તરીકે આપીએ છીએ.

આતશની એ ભેટ તે તેને મલતું સ્વચ્છ અને સુગંધી બળતણછે. એ ભેટ તરીકે આતશની નીઆએશમાં ૪) ચીજ જણાવેલીછે. ૧) "અએસ્મ" એટલે લાકડાં, ૨) બઓઇધી (બોએ) એટલે લોબાન, ૩) પીથ્વિ એટલે (ધાતુ પ્રમાણે ખોરાક, અહીં) ચરબી, અને ૪) ઉપસયેન એટલે (પેહેલવી સહરે પ્રમાણે કાથી) એક જાતનું બીજું કોઇ બળતણ.

એમાની પેહેલી બે ચીજોનાં નામ યજશનેમાં ક્રીયાની બીજી ચી જો સાથે ઘડી ઘડી યાદ કરવામાં આવેછે. ત્રીજી ચીજને બદલે વેદમાં અગ્નિને માટે "માખણ અથવા ઘી" દીસેછે. એજ કારણને લીધે અગ્નિ ને "માખણથી પળાયલો" "માખણનો બનેલો" "માખણના બાલ વાલો" વીગેરે કહેલો દીસેછે. વેદના ત્રીજા "અશતક" ૨૬ મા સુકતના ૭ મા ફકરામાં ખુદ અગ્નિ પોતે કહેછે કે "માખણ મારી આંખછે" મતલબ કે માખણ ઘી જેવાં બળતણથી તે રોશન અને બળતો રેહી પ્રકાશ આપેછે.

વળી એ ત્રીજી ચીજ ચરબી, બાલવાનું ફરમાંન ઓલ્દ તેસ્ટમેંટમાં પણછે. લેવીસ્ટીકસ નામની મોઝીસની ત્રીજી ચોપડીના ૬ થા બાબમાં ક હેછે કે એક માણસે પોતાના ગુનાહના પસતાવામાં એક તદ્દન દાઘ વ ગરનો મેંઢો યજ્ઞ કુંદ ઉપરના આતશને ભોગ આપવો. ધર્મ ગુરૂએ તે મેં- ઢો આતશને અર્પણ કરવો અને પેલા મેંઢો ચહડાવનાર તકસીર વાર ત રફથી ખોદા પાસે તેના ગુનાહની દરગુજર ચાહવી. અંહી એ મેંઢાની ચરબી આતશ ઉપર બાળવા કહેછે તેની સાથે લાકડાં (એસમ) પણ બા લવા કહેછે. એ ફકરો નીચે પ્રમાણેછે.

ફકરો ૧૨) મો "And the fire upon the altar shall be burning in it; it shall not be put out; and the priest shall burn wood on it every morning and lay the burnt offering in order upon it and he shall burn thereon the fat of the peace offering."

એ ભોગ આપવા "આતશ" આગળ જવા આગમચ પોતાનો પો પાક બદલવાની આગલના ફકરામાં તાકીદ કરીછે. આપણામાં પણ બોએ દેવા આગમચ જામો પીછોડી પેહેરવામાં આવેછે. એ ફકરો નીચે પ્રમાણેછે.

And the priest shall put on his linen garment, and his linen breaches shall be put upon his flesh and take up the ashes which the fire hath consumed with the burnt offering on the altar and he shall put them beside the altar. And he shall put off his garments and put on other garments, &c.

એ ભોગ આપેલા મેંઢાનો થોડો ભાગ એમ આતશના ઉપયોગમાં લાવી બાકી તે ક્રીયા કરનારે ખાવો એમ એ ચોપડીમાં કહેછે અને એ ચરબી બાલવાની મકસદ વિષે કહેછે કે તેથી સારી ખુશબો નીકલે. એ શ બદો નીચે પ્રમાણેછે.

And shall burn it upon the altar for a sweet savour even the memorial of it unto the Lord.

હવે આતશની નીઆએશમાં કહેછે કે એ બલતણ, એ ભેટ "આતસ" તેની સનમુખ આવનાર પાશેથી ઇચ્છેછે. એ નીઆએશમાં કહેછે કે "આતશ જે તેની સનમુખ આવેછે તેના હાથ તરફ નેગાહ કરેછે કે તે શું ભેટ લાવ્યો." વલી એજ નીઆએશમાં આતશની એવી "સારી ભેટને, તંદરોસતી આપનારી ભેટને અને દોસતી ભરેલી ભેટને" વખાણીછે.

વલી આતશની નીઆએશમાં, વંદીદાદમાં અને અવસ્તાના બીજા ભાગોમાં તેમજ પેહેલવી કેતાબો અને ફારસી રેવાયતોમાં તાકીદનાં ફરમાનો કર્યાં છે કે આતશ ઉપર મેલવામાં આવતું બળતણ સ્વચ્છ જોઇએ.

આતશની નીઆએશ પ્રમાણે એ કારણને લીધે જે શખસ આતશની ઉપર સુકકું, રોશનીમાં તપાસેલું અને સાફ કરેલું બલતણ બાલેછે. તેને આતશ દુવા કરેછે કે "તારે ત્યાં ગાય ઢોર (જે અસલી વખતમાં પૈસા તરીકે ગણાતાં હતાં તે) અને માણસોની વૃધ્ધી થાજો; તારૂં મન અને દીલ ચાલાક થાજો અને જેટલી રાત (એટલે જેટલો વખત) તું જીવે તેટલી રાત ખુશી ભરેલાં દીલ અને જીવ સાથે જીવજો."

વંદીદાદની ૧૮મી પ્રગર્દમાં ઇજશનેનો આતશની નીઆએશવાલો એજ ફકરો ઉતારી લેઇ એ બાબદને વધારે અગત્યતા આપીછે.

આતશની નીઆએશ અને વંદીદાદની ૧૮ મી પ્રગર્દ પ્રમાણેનાં ઉપલાં ફરમાંનમાં જે સુકકું બળતન બાલવા કહયુંછે તેને મળતું લખાણ પેહેલવી વીરાફનામાના ૧૦) માં બાબમાં આવેલુંછે. એ બાબ પ્રમાણે જ્યારે વીરાફ ગરોથમાનમાં ગયોહતો ત્યારે તેની સનમુખ આદર (આતશપરનો મવક્કલ ફરેસ્તો) આવ્યો અને વીરાફને સલાંમ કરી તાંનો માર્યોકે "અમ્મે અરદાવીરાફ તું મને લીલાં લાકડાંનો થીક પોંહોચાડનારછે." વીરાફે જવાબ આપ્યો કે "હું તો સાત વરશનાં જુનાં લાકડાં બાલતો હતો" તે ઉપરથી આદરે તેને લઇ જઇને એક બલુ પાણીની ટાંકી દેખાડી કહયું કે "તુ લીલાં લાકડાં મારી ઉપર મેલતો હતો તેનાં નીકલેલાં પાણીની આએ ટાંકી."

દીન કર્દમાં આસમોગના ૧૦ માં સવાલનાં જવાબમાં પણ આતશ ઉપર લીલી કાઠી બાળવાની મનાઇ કરીછે અને એ કામને આશતને ખુજાવાનું અને તેને જેહમત આપવાનું ગણયુંછે.

ઓલ્ડ તેસ્ટેમેન્ટના એક્સોદસના ૩૭) માં બાબનાં ૨૯માં ફકરામાં પણ યજ્ઞકુંદ (altar) ઉપર ભોગ આપતી વખતે ખુશબોદાર બળતણ બાલવાની તાકીદ કરીછે.

હાલમાં કેથલીક દેવલોમાં ચોકસ ક્રીયાઓમાં હમેશાં મીનબતી બાલે છે. એઓને ફરમાન "ઓલીવ" નાં સોજાં તેલનુંછે. મીનબતીને એઓ સોજુ બળતણ ગણેછે કારણ કે મીન, નીરદોશ મધમાખીઓએ સુગંધી ફુલોના રસમાંથી બનાવયુંછે. હું ભુલતો નહી હોઉં તો એઓને હાલમાં પણ યજ્ઞકુંદ આગળ "કેરોસીન તેલ" બાલવાની મનાઇછે.

અસલી રોમનોમાં આતશને સ્વચ્છ અને સાફ બલતણથી રોશન રાખવામાં આવતો હતો, એટલુંજ નહી પણ તે આતશની સેવામાં કુવારીકાઓ રાખવામાં આવતી હતી, એવા વીચારથી કે પવીત્ર આતશની સેવા પણ પવીત્ર સ્ત્રીઓ કરે.

આપણે જોયું કે વેદમાં અગ્નીને "માખણ અને ઘીનો બનાવેલો" વીગેરે કહયોછે. હાલમાં પણ હિંદુઓની કેટલીક ક્રીયાઓમાં આતશ ઉપર ઘણાં સોજાં બલતન તરીકે ઘી બાળવામાં આવેછે, અને તે પણ ઘણું સોજુ અને નીર્મલ ઘી. એ લોકોની હવનની ક્રીયામાં એવાં ઘીનો મોહટો જથ્થો બાલવામાં આવેછે.

ચીનાઓ વિષે પણ કહેછે કે તેઓ પણ આતશની સારી જાલવણી કરી તેપર સોજી ખુશબો બાલેછે.

સ્વચ્છ બલતણ બાલવા વિષે બીશપ મયુરીન રોમન ફ્લેમીનોનો ઈશારો કરી નીચલા શબ્દો કહેછે.

A pure and undefiled flame is certainly the most sublime natural representation of Him who is in Himself, Eternal Light; and whose priests as His representatives on earth ought to be in themselves as it were living and walking pure flames of a heavenly fire. If Fire-priests like the Flamines, Brahamans and Atarvakhshis, they ought to maintain the Sacred Flame the Symbol of God's presence only with the purest possible fuel as its nourishment.

આતશને આપવામાં આવતી ભેટની રૂડી મતલબ.

અહીં આપણે એ ભેટની રૂડી મતલબ, જરા તપાસીએ. આતશ જે સારી, તંદરોસ્તી આપનારી વીગેરે ભેટ (બળતન ખુશબો) ઇચ્છેછે તે કાંઇ પોતાનાજ ફાયદા માટે નથી. આપણુ જાણ્યે છીએ કે (ભીનાશ સી

થાય) કોઇ ખરાબ બળતનથી આતશને પોતાને કાંઇ નુકસાન થતું નથી. યાતે બુજાઇ જતો નથી. તેની ઉપર આપણ ખરાબ લાકડું બાળીશું યા મુવેલો નસો બાળીશું તો તે પણ બળશે અને તેથી પણ તે રોશન રેહેશે; તેને તો કાંઇ અડચન થનાર નથી. તેતો જેમ સુધંથી તેમજ દુરધંધી, તંદરોસ્તી આપનારી તેમજ દેહ બગાડનારી ખુશબોદાર તેમજ બદબોદાર કોઇબી ચીજને બાળી નાખી પોતે રોશન રહેશે.

એ પ્રમાણે આતશ ઉપર સુધંધી વસ્તુ બાળ્યાથી આખરે આપણ માણસોનેજ ફાયદોછે એવો તંદરોસ્તીના કાયદા પ્રમાણેનો વીચાર(sanitary view) વંદીદાદનો લખનાર લેછે.

વંદીદાદની ૮ મી પ્રગર્દ જે આતશની બાબદ ઉપરછે, ત્યાં ૭૯ અને ૮૦ માં ફકરામાં કહેછે કે "જો કોઇ શખસ "ઉર્વાસન" "વોહુગઓન" "વોહુ કેરેતી" "હધાનએપત" જેવાં ખુશબોદાર બળતણને આતશ ઉપર બાળેછે, તો જે તરફ પવન મારફતે તે બળતનથી ખુશબો પંથરાઇ જાયછે તે તરફ, આતશ અંધારાંની સુરતના અંદીથ દેવોને મારેછે" એટલે નહી નજરે પડે એવાં હવામાં ભેળાયલા રોગોનાં અને દરદોનાં બીઆંનો બાળીને નાશ કરી નાખેછે.

એજ કારણને લીધે આપણામાં સહવાર સાંજ ચોક પુરી લોબાંન ધુપાવાનો રેવાજ પડયોછે. વાડી બંગલે રહેનારા તવંગરોનાં ઘર કરતાં ગીચ મોહલામાં રહેનાર ગરીબના ઘરમાં એમ લોબાન ધુપાવવું વધારે જરૂરનું છે, કે તેથી "અંધાલાંની સુરતનાં અનદીથ દેવો" એટલે નજરે ન પડે એવાં હવામાં તરતાં રોગોનાં બીઆંઓ નાશ પામે. ઉડતા રોગવાળા દરદીનાં ઓરડામાં અને તેની બાહાર એમ આતશ રોશન રાખવો ઘણો સારોછે કે તેથી તે ઉડતા રોગોનાં બીંજો નાશ પામે. એમ આપણાં ઘણાંક જરથોસ્તીઓ કરેછે અને તે વાજબીછે કારણ કે તે જેમ તે બીમાર દરદીના હકમાં તેમજ તેની સારવાર કરનારાઓનાં હકમાં ફાયદા ભરેલુંછે. હાલના વખતનું સુધરેલું વૈદકશાસ્ત્ર આતશની એ સેવા પુરતી રીતે કબુલ રાખેછે. આપણા જોવામાં વારેઘડીએ આવેછે કે જયારે કોઇ ઘેરમાં કોલેરા યા શીતલા જેવા ઉડતા રોગોથી મરણ નીપજેછે ત્યારે તુરત શેહેર સુધરાઇ ખાતાં તરફથી તે મરનારનાં ઘેર આગલ આતશ રોશન કરવામાં આવેછે કે તેથી ત્યાંની હવામાં તરતાં અનદીથ રોગનાં બીઆંઓ બલીને નાશ પામે. એવી વખતે જેમ ખુશબોદાર અને સુગંધી બલતન

બાલવામાં આવે તેમ વધારે સારૂં કે તેથી જેમ રોગોનાં બીજો નાશ પામે તેમ તે રોગોમાંથી ફેલાયલી દુરગંધી પણ દફે થાય.

તયારે આતશ પોતાની નજદીક આવનાર પાસે જે સારી અને તંદરૂસ્તી આપનારી ભેટ માંગેછે તે પોતાનાજ ફાયદાને માટે નહી, પણ ખુદ તે ભેટ લઇ જનારાના ફાયદાને માટે, તેના ખેશ કુટુંબના ફાયદાને માટે, તેના આડોશી પાડોશીના ફાયદાને માટે, તેના મણુષ ભાઇબંદના ફાયદાને માટે, કારણકે દુરવંધી અને દેહ બગાડનારી ચીજો બાલ્યાથી નજદીકનાં માણસોનેજ નુકસાંન થાયછે.

પણ વલી એ ભેટ તેના આપનારના ઇમાનની કસોટીછે. જે આતશ, સુર્યની ગરમી અને રોશનીનું આએ પૃથ્વી ઉપર નજરે પડતું રૂપછે, જે આતશ, સુર્યની ગરમી તરીકે આએ જગતને હસ્તી અને આબાદ કરેછે, જે આતશ વીજલી તરીકે આપણી પૃથ્વી ઉપરની હવાને સાફ અને સ્વચ્છ કરેછે, જે આતશ આકાશ અને જમીન વચ્ચે સેંકડો કુદરતના રલ્યાંમના ઉપ્યોગી અને વીચીત્ર બનાવોનું કારણ થઇ પડેછે, જે આતશની શકિત તમારાં દેહમાં તમારી નેસોમાં, તમારી રગેરગોમાં લોહી ફરતું રાખી તમારી જીંદગીની જોતને ઝલતીને ઝલતી રાખેછે, જે આતશની શકિત તમારા બાગ બગીચાઓ, તમારાં ખેતરો અને તમારાં જંગલોનાં ઝાડ પાંનોને લીલોત્રી ભર્યાં રાખેછે, જે આતશ તમારાં કારખાનાઓમાં બળી હજારો અને લાખો ગરીબોને રોજીએ લગાડી તેઓના સુખનું સાધન થઇ પડેછે, જે આતશ તમારાં ઘરોમાં બળી તમારી ભુખી આંતરડીના આશીશ મેલવેછે, જે આતશ તમારી આગગાડીઓની મારફતે સેંકડો મૈલના તફાવતોના મુલકો જાણે એક સાંકલથી જોડી નાખેછે, જે આતશ તમારી આગબોતો મારફતે જાણે તમોને એકી વખતે આએ બોહલી, પોહલી, અને ચોહલી પૃથ્વીના રેહવાસી કરેછે અને વલી જે આતશ તમોને તમારા ખોદાની, તમારા બનાવનારની, તમારા પેદા કરનારની ભાન અને યાદ આપેછે, તે આતશની અગત્યતાની, તે આતશની કીમતની તમો કેવી કદર બુજોછો તે તમારો આતશ તરફની ભેટ, જેમ એક સોની કસોતી ઉપર સોનુ કસીને તપાસેછે તેમ, તપાસેછે.

એ બલતણ મેલી સેતાયશ કરનાર આતશને દુવા કરેછે કે "તું લાંબો વખત સુધી, કેઆમત સુધી આએ ઘેરમાં બલતો ઝલતો, રોશન, અને ચલકતો રેહજે". આતશને એવી દુવા કરી સેતાયશ કરનાર આડક-

તરી રીતે પોતાનેજ દુવા માંગેછે, કારણકે આતશને કેહવું કે તું આએ ઘેરમાં રોશન રેહજે તે પોતાનાં મકાનનેજ જાણે આબાદી ચાહવા બરાબરછે. મકાન જો કાયમ હોયતો તયાં આતશ પણ કાયમ રેહે.

સેતાયશ કરનાર આતશ પાસે નીચલી ચીજો માંગેછે.

જલદીથી સુખ, પોપણ અને (લાંબી) જીંદગી ઘણું સુખ, પોપણ અને લાંબી જીંદગી, મોહતાઈ, દાહપણ, તેજ જબાન, રવાંનને માટે હુશીઆરી, અક્કલ, મરદાંનગીનું કૌવત, ખડે પગે ઉભું રેહેવની શકિત, આખા દીવસના એક ત્રતીઆંઉંસ ભાગ સુવું, પોતાના કામ ઉપર ઉસ્તવારી, ખબરદારી અને ફરજંદ જે પોપણ કરનારૂં, જાતી અક્કલનું, પ્રખ્યાત, કેસ્વર ઉપર રાજ કરનારૂં, ખુબ સુરત, સારી ઇજતવાલું, પેહેલવાંનનાં જેવું જોરમંદ; ફરજંદ કે જે ઘેર, ખાનદાન, કશબા અને દેશને વધારનારૂં હોય; અને સેવટે બેહેસ્ત વિષે સીખવનાર.

હવે આપણો આતશ ખોદાના સંબંધમાં કેઇ જગા સાચવેછે તે વીગેરેના ઉપલા વીચારો ધ્યાનમાં લીધા પછી સેતાયશ કરનાર આતશ પાસે એ ચીજો માગેછે, તેની મતલબ સહમજવી મુશકેલ.નથી.

એ દુવાઓમાં એક ચીજ આપણું ધ્યાંન ખેંચેછે તે એ છેકે આતશની નીઆએશ પ્રમાણે આપણને અવસ્તામાંથી માલમ પડેછે કે માણસને માટે દીવસના ત્રીજા ભાગની એટલે આઠ ૮) કલાકની ઉંઘ જરૂરનીછે.

મુરતી પુંજક યા આતશ પુંજકના આલ સામે થોડાક વીધ્વાનોનાં મત.

આતશ સનમુખ ઉભા રેહતા જરથોસ્તીને ઇશ્વરી અને નીતીના વીચારો આવેછે ત્યારે એવા પદાર્થની સ્તુતી અને સેતાયશ,નેમાજ અને નીઆએશ, વખાણ અને ઝબાએશ કરવામાં આપણ કેટલા વાજબી છેઇએ ? વળી આપણને તે જે એક હજારને એક જુદા જુદા ઉપ્યોગોમાં કાંમ આવેછે-જે વિષેનો વીચાર આપણે આગલ કર્યો—તે ઉપરથી તે આપણાં માનને કેટલો લાયક થડેછે ? ઇશ્વરનો અને તેની કરાંમતનો બેઆલ બાંધવા માટે બીજો કયો વધારે લાયક પદાર્થ આપણ ધારી શકીએ ?

બીજી અસલી પ્રજાઓ સાથ સરખાવતાં આતશની સેતાયશ કરવામાં આપણ કેટલા વાજબી છેઇએ તે બાબદમાં બીશપ મ્યુરીન કહેછેકે.

Let me say that history and reason prove that the old Aryan religion which borrowed its ideas, forms and expressions relating to the divinity from Light and Fire is far superior to the semitic, and Chamite natural religions ; to that of the Chaldian and Assyrians who took their ideas and names from the starry firmament ; to that of the Egyptians who took them from the animal world ; to that of the Phyrgians who borrowed them from the vegetable world ; and to that of the negroes who even stoop down to inanimate fetishes, to adore in them the presence of not the Supreme God, but some spirit.

બીશપ મ્યુરીનેતો આતશની સેતાયશ વખાનીછે તે ફકત એટલા ઉપરથી કે મેકસ્ મુલરના કેહેવા મુજબ સઘલા એરીઅનોએ એ ઉપરથી ઇશ્વરનો ખેઆલ બાંધ્યો હતો. પણ ત્યાર પછી છુટા પડેલા જરથોસ્તી એરીઅનોએ વંદીદાદ પ્રમાણે એની સેતાયશમાં પવીત્રપણાનું અને ખાલેસીનું જે નવું તત્વ ઉમેર્યુંછ—જે આપણે તેને દાદગાહે પરથતી વખતની ક્રીયાની બાબદમાં તપાસ્યું—તે ઉપરથી આપણી સેતાયશને તે કેટલો વધારે લાયક થડેછે?

વલી મેકસમુલર પ્રમાણે જ્યારે તે અસલી એરીઅનોતો તેને ફકત મોતા કુદરતી બનાવોના સંબંધમાં જોઇને વખાણુતા હતા તયારે આપણે હાલની ૧૯ મી સદીમા તેના સેંકડો અને હજારો ઉપયોગો જોઇ તેને કેટલો બધો સ્તુતી પાત્ર ગણવા જોઇએ? એ તપાસ ઉપરથી માલમ પડેછે કે આપણ આતશ જેવા નુરીકેબલાને જે માન આપીએ છીએ તે તદન વાજબીછે અને તેથી જો આપણને એને લીધે મુર્તી પુંજકનું આળ લગાડવામાં આવેતો તે તદન ગેર વાજબીછે. બીશપ મ્યુરીન એ વીશે નીચલો ઇનકાર કરેછે.

I am therefore very far from supposing that the pure fire-worship is idolatory. Whoever accuses the Parsees of that most hein ous of crimes, and is not able to prove, that they believe fire or sun to be God himself, is certainly guilty of the most detestable sin of calumny.

એ ફકરામાં બીશપ મ્યુરીન ખોલ્લું કહેછે જેઓ પારસીઓને મુરતી પુંજકનો આળ લગાડેછે પણ દેખાડવાને શકતીવાંન નથી કે તેઓ આતશને ખોદા તરીકે પુંજેછે તેઓ પારસીઓની નીંદા કરવાનાં ગુનાહમાં આવેછે.

જાણીતો તવારીખ નવેશ ગીબન પોતાની તવારીખના ૮ મા બાબ માં કહેછે.

The elements and more particularly Fire, Light and the Sun whom they called Mithra were the objects of their religious reverence because they considered them as the purest symbols, the noblest productions and the most powerful objects of the Divine Power and Nature.

શાહેર ફીરદોશી પણ પોતાના જગ પ્રસીદ્ધ શાહનામામાં એ આલનો ઇનકાર કરેછે. શાહેર ફીરદોશીના શબ્દો નીચે પ્રમાણે છે.

مگوي كہ آتش پرستان بودند

پرستندہ پاكي يزدان بودند

મગુઇ કે આતશ પરસ્તાં બુદન્દ
પરસ્તન્દેગાંને પક યઝદાં બુદન્દ

અર્થ—એમ ના બોલોકે તેઓ આતશ પરસ્ત હતા
તેઓ ફકત એક યજદાંનની પરસ્તેશ કરનારા હતા,

સરાંસ.

"આતશની સેતાયશ"ની આજે હાથ ધરેલી બાબદનો સારાંસ એ છે કે, આતશની સેતાયશ આપણામાં ઘણા અસલના જમાનાથી ઉતરી આવીછે. માણસ પોતાની પેદાયશ પછી તુરતના જમાનામાં આતશ જેવા નુરી કેબલા મારફતે તે યઝદાંને યાદ કરતો હતો. એ સેતાયશ ઘણા અસલના જમાનાથી એરીઅન પ્રજાઓમાં ચાલુ હતી તેની સાબેતી ૧) જુદી જુદી પ્રજાઓમાં મલતા ઇશ્વરના નામો ઉપરથી ૨) જુદી જુદી પ્રજાઓનાં આતશ-ધર્મગુરૂના મલતા વર્ગ ઉપરથી અને ૩) તે જુદી જુદી અસલી પ્રજાઓનાં આતશ કદેહો ઉપરથી મલેછે. ઓલ્દ તેસ્ટમેન્ટનાં હીબ્રૂઓનાં પુરાંનાં ધર્મ પુસ્તક ઉપરથી પણ આતશની સેતાયશનું પુરાતનપણું માલમ પડેછે. ખ્રીસ્તીઓના હાલના ન્યુ તેસ્તેમેંટનાં ધર્મ પુસ્તકમાંનાં દાખલામાંથી પણ માલમ પડેછે કે તેના લખનારે પણ આતશને મોટું વજન આપ્યુંછે. આપણે જોયું કે આતશને માન આપવામાં આપણે ઘણાક કારણોને લીધે વાજબી છીએ. એકતો એ નુરી કેબલો આપણને ખોદાનું ભાંન આપેછે. વળી સઘલી પેદાયશની ઉત્પન્તો તેનાથીછે. વળી તે આપણા સેંકડો અને હજારો ઉપયોગોમાં આવેછે. પ-